**સુવિચાર**

મને કોઈની સલાહની જરૂર નથી, મને બધી ખબર પડે છે એવો ભ્રમ ક્યારેક ભારે પડી શકે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૭/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ જેઠ વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૧૭૪

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
»» હૃદયરોગ - બીપી
»» શ્વાસ - દમ - ન્યુમોનિયા
»» પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
»» પોઈઝન - સર્પદંશ
»» ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦

## ડો. જીવરાજ મહેતાનાં સ્વપ્નસમી નગરીને લીલીછમ વેલી બનાવી દેવાશે

# ગુડ ન્યુઝ : અમરેલીમાં ૨૫ હજાર વૃક્ષોનાં વાવેતરનો શુભારંભ

### ''આપણું અમરેલી હરિયાળુ અમરેલી'' સુત્ર સાથે શ્રેષ્ઠ જનલક્ષી કાર્યનો થયો પ્રારંભ

### શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા સમગ્ર જિલ્લામાં એક લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો સંકલ્પ

### શહેરનાં ગંગાનગર, વૃંદાવનપાર્ક, હનુમાનપરા સહિતનાં વિસ્તારોમાં વૃક્ષારોપણ શરૂ

### નાયબ દંડક કૌશિક વેકરિયાએ શહેરને નંદનવન બનાવવા માટે પ્રયાસ શરૂ કર્યો



અમરેલી, તા. ૪

અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીને વિકસીત સાથે હરિયાળુ બનાવવાનો સંકલ્પ લીધો છે. કોઈ પણ વિસ્તારનો વિકાસ ત્યારે જ સમતોલિત બની શકે જયારે ત્યાં વિકાસ સર્વાંગી હોય. આ નેમ સાથે કટીબદ્ધ કર્તવ્યબદ્ધ ધારાસભ્ય અને નાયબ દંડક વેકરીયાએ અમરેલીનું ગ્રીન કવર વધારવાનો સંકલ્પ લીધો છે. આ અભિયાનને વેગવંતુ બનાવવા માટે ગુરૂવારે અમરેલીથી ૨૫ હજાર વૃક્ષો વાવવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. અમરેલી લીલીયા રોડ પર આવેલ સીમંધર સોસાયટીમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે વૃક્ષોરોપણ કરવામાં હતુ તથા લાઠી રોડ વોર્ડ નંબરમાં ગંગાવિહાર, ભકિતનગર, વૃંદાવન પાર્ક, પ્રમુખસ્વામિ, માધવનગર, ધરમનગર, નારાયણનગર, યોગી નગર, જલારામનગર વગેરે સોસાયટીઓમાં વૃક્ષારોપણ સાથે તેના જતનનો સંકલ્પ લઈને અમરેલીને હરિયાળું બનાવાશે. ઉપસ્થિત આગેવાનોએ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. અમરેલીનું ગ્રીન કવર

અનુસંધાન પાના ૬ ઉપર

## ગીરકાંઠાનાં વિસ્તારોમાં દીપડા અને સિંહથી ફફડાટ હોય તેવા સમયે

# અમરેલી સહિત જિલ્લાભરની ગલીઓમાં રખડૂ શ્વાનનાં કારણે બાળકો, મહિલા અને વૃધ્ધો પર સતત જોખમ

### ચિતલમાં શ્વાને હુમલો કરતાં ૪ વર્ષનો બાળક ઈજાગ્રસ્ત

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના વિસ્તારોમાં વન્ય પ્રાણીઓ ધ્વારા છાશવારે ભુલકાઓ ઉપર હિચકારા હુમલા કરવાના અનેક બનાવો બને છે. ત્યારે શહેરી વિસ્તારમાં શેરી અને ગલ્લીઓમાં રહેતા ન હવે હિસંક બન્યા છે. ત્યારે અમરેલી નજીક આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર



Sheetal
We are HIRING!
FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,150/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૪/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
મણીબા ગજેરા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ – અમરેલી
B.Sc(N), GNM અને ANM ના કોર્ષ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન
તા.૦૪/૦૭/૨૦૨૪ થી તા.૧૫/૦૭/૨૦૨૪
www.medadmgujarat.org વેબસાઈટ પરથી
ઓનલાઈન પીન ખરીદી કરી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.
સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા પ્રમુખશ્રી : વસંતભાઈ ગજેરા
–100% જોબની ગેરંટી – SC/ST ના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર.
I.N.C તથા G.N.C માન્યતા અને સૌરાષ્ટ્ર યુનિ.ના જોડાણ માન્ય કોર્ષ
અમારી સંસ્થાનો મુખ્ય ધ્યેય નર્સિંગનું ઉત્તમ અને અદ્યતન શિક્ષણ આપવું
નર્સિંગ કોર્ષ
- B.Sc(N) (૪ વર્ષ) લાયકાત : ધોરણ 10+2 (ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/બી.ગ્રુપ)
- P.B.BSc(N) (૨ વર્ષ) લાયકાત – After GNM
- GNM (આર્ટસ, કોમર્સ)(૩ વર્ષ) લાયકાત : ધોરણ 10+2 પાસીંગ 40% ગર્લ્સ અને બોયઝને એડમીશન મળવાપાત્ર (ઉપરનાં ત્રણેય કોર્ષ માટે)
- ANM (આર્ટસ, કોમર્સ – ફક્ત ગર્લ્સ) (૨ વર્ષ) લાયકાત : ધોરણ 10+2 પાસ

ADMISSION OPEN
સુવિધાઓ:
- વર્લ્ડ કલાસ ઈન્ફાસ્ટ્રકચર
- અનુભવી શિક્ષકો દ્વારા ઉચ્ચ શિક્ષણ સાથે પ્રેકટીકલ
- અત્યાધુનિક લેબોરેટરીઝ
- વિદ્યાર્થી માટે વાહન વ્યવસ્થા
- મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા પ્રેકટીકલ ટ્રેનીંગ
- રમતગમત અને વધારાની અભ્યાસક્રમ પ્રવૃતિઓ
- વ્યકિતત્વ વિકાસ વર્ગો
- પુસ્તકો અને જર્નલ્સની વિશાળ સંખ્યા સાથેનું પુસ્તકાલય
- ગર્લ્સ માટે કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા
- સંસ્થા દ્વારા જ કેમ્પસમાં જોબ પ્લેસમેન્ટ માટેના ઈન્ટરવ્યુ

વધુ માહિતી માટે આજે જ સપંર્ક કરો :– મો.૯૯૨૪૨ ૨૦૮૧૧
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી–૩૬૫૬૦૧ (ગુજરાત)
Email: manibainstituteofnursing@gmail.com

## અતિ આધુનિક મેડિકલ ઉપકરણો અને સુવિધાસભર હોસ્પિટલનો પ્રારંભ થશે

# અમરેલીમાં રવિવારે ''કલરવ'' હોસ્પિટલનું નવપ્રસ્થાન

જિલ્લાનાં સુપ્રસિધ્ધ બાળરોગ નિષ્ણાંત ડો. જયદીપ પટેલ દ્વારા હોસ્પિટલનો થશે પ્રારંભ

૦ થી ૧૮ વર્ષનાં બાળકો માટે OPD અને દાખલ થવાની સુવિધા, લેબોરેટરી, રસીકરણ કેન્દ્ર શરૂ

નવજાત શીશુને દાખલ કરવા માટે આધુનિક NICU-PICU

જિલ્લાનાં ટોચનાં આરોગ્ય કેન્દ્ર સમા માણેકપરા વિસ્તારમાં સવારે ૯ થી ૨ સુધી નવપ્રસ્થાન કાર્યક્રમ







અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાનાં સુપ્રસિધ્ધ બાળરોગ નિષ્ણાંત ડો. જયદીપ પટેલ ધ્વારા જિલ્લાનાં આરોગ્ય કેન્દ્ર સમા અમરેલીનાં માણેકપરા વિસ્તારમાં લાઈફલાઈન કોર્નર સામે આધુનિક સુવિધા સાથે ''કલરવ'' હોસ્પિટલનું નવ પ્રસ્થાન આગામી તા. ૭/૭/૨૦૨૪ ને અષાઢી બીજને રવિવારનાં પવિત્ર દિને સવારે ૯ કલાકે થઈ રહ્યું હોય મિત્રો, શુભેચ્છકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.


અમરેલીમાં નવપ્રસ્થાન થનાર ''કલરવ'' હોસ્પિટલમાં ૦ થી ૧૮ વર્ષનાં બાળકો માટે OPD તથા દાખલ કરવાની સુવિધા, નવજાત શીશુને દાખલ કરવા માટે અદ્યતન સાધનોથી સજ્જ NICU-PICU, બાળરોગ રસીકરણ કેન્દ્ર, લેબોરેટરી વિભાગ અને મેડિકલ સ્ટોરની પણ સુવિધા છે.

આ પ્રસંગે આમંત્રિતોને ઉપસ્થિત રહેવા ડો. જયદીપ પટેલ, રણછોડભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, સુનિલ પટેલ ધ્વરા અનુરોધ કરવામાં આવેલ છે.

### પુર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે કરી માંગ

# અમરેલી જિલ્લાનાં ખેડૂતોનાં પાક રક્ષણનાં હથિયારનું લાયસન્સ રીન્યુ કરો

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો





અમરેલી, તા. ૪

અમરેલીનાં ભાજપનાં નેતા અને પુર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જીલ્લાના ખેડુતોના પાક રક્ષણ હથીયારો જે ખેડુતોએ લીધેલા છે. તેમાં કોઈ કારણોસર કે કારણો વગર જિલ્લાના ખેડુતો ધણા લાંબા સમયથી ખોટીરીતે ખુબ હેરાન થાય છે. ખેડુતોને પોતાના ખેતી પાક બચાવવા હથિયારનો માટે પાક રક્ષણ હથીયારનો પરવાનો લીધેલ હોય છે. અમરેલી જીલ્લામાં હિંસક જંગલી પ્રાણીઓ પણ છે. સરકાર વાયર ફેન્સીંગ માટેની સબસીડી આપે છે. પરંતુ વાયર ફેન્સીંગ હોવાછંતા ખેડુતો ખેતીનો પાક બચાવવામાં ભુંડ, રોજના ત્રાસથી બચાવી શકતા નથી. અમુક સમયે વાયર ફેન્સીંગ તોડીને ખેતરમાં પ્રાણીઓ ધુસી જતા હોય છે. અનાથ પશુઓ જેમાં ખાસ કરીને ખુંટીયાઓની સંખ્યા પણ ખુબ વધી ગઈ છે. તેથી પણ મુશ્કેલી છે. ખેડુતોએ પાક રક્ષણ માટેનો પરવાનો લીધો હોય પરંતુ આ પરવાનો (લાયસન્સ) રીન્યુ કરવા માટે સબંધીત કચેરીઓમાં લાંબા સમયથી પેન્ડીંગ પડેલ છે. ખાસકરીને ખેડુતો કોઈપણ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવાયેલ હોય, ભયંકર ગુના, રાષ્ટ્ર વિરોધી કૃત્ય, ડ્રગ્ઝમાફીયા, બુટલેગર, ખુન, લુંટ, ધાડ, ચોરી, મારામારી, આવા કોઈ ગુનાઓમાં સંડોવાયેલ હોય અને સબંધીત અધિકારી પોલીસ અભિપ્રાય માંગે અને પોલીસ નેગેટીવ અભિપ્રાય આપે તો તે વાત બરાબર છે. પરંતુ પરવાનેદાર ખેડુત વિરૂધ એકપણ એફ.આઈ.આર. ફાટેલી ન હોયછંતા પોલીસ લાયસન્સ રીન્યુ ન કરવાનો અભિપ્રાય આપે છે. અને આ અભિપ્રાયને રીન્યુ કરનાર અધિકારી વળગી રહે છે. જે ખેડુત માટે અન્યાયની બાબત છે. ખેડુતોનો કોઈ ગુનો જ નથી. અને છતાં તેનો અભિપ્રા નેગેટીવ આપે છે. રીન્યુ કરનાર અધીકારીને ફકત રીન્યુ કર્યા પછીનો સમય અને રીન્યુ કરવાના સમય વચ્ચે હથીયાર પરવાનેદાર વિરૂધમાં કોઈ ગુનો દાખલ થયેલ છે. કે નહી ? કોઈ કારણ વગર જીલ્લાના ખેડુતો હેરાન થાય છે. અનાજ, ફળ, શાકભાજી તૈયાર કરતા ખેડુતોને જરૂર વગરના અર્થઘટન કરી કારણ વગર હેરાનગતી થાય છે. તો જીલ્લાના તમામ પેન્ડીંગ પરવાના (લાયસન્સ) કોઈ ગુનો ન કર્યો હોય તેવા તાત્કાલીક ધોરણે રીન્યુ કરવા અને હવે પછી સરકારના નિયમ અને જી.આર. પ્રમાણે લાયસન્સ રીન્યુ થાય અને જે અધીકારીને અધીકાર આપેલ છે. તે વિવેકબુધ્ધિથી નિર્ણય લે તેવી આપના લેવલેથી તાત્કાલીક સુચના આપી અમરેલી જીલ્લાના તમામ ખેડુતોના પાક રક્ષણ હથીયાર પરવાના રીન્યુ થાય તે બાબતે સુચના આપવા અંતમાં જણાવેલ છે.




### ભાજપનાં કાર્યકરોની દાદાગીરીનો જવાબ આપવા

# અમદાવાદનાં કોંગ્રેસ કાર્યાલય ખાતે આગામી દિવસોમાં રાહુલ ગાંધીનું આગમન

### પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ યોજી





અમદાવાદ, તા. ૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાંપ્રમુખઅને સાંસદ શકિતસિંહ ગોહિલે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, દેશની સંસદમાં લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હિન્દુધર્મકેટલો મહાન અને ઉત્તમ એઅંગે વાત કરી હતી, હિંસક માણસ કયારેય હિન્દુનાંહોઈ શકે, શંકરાચાર્યએ પણ કહ્યું કે રાહુલ ગાંધીની વાત સાચી છે જેથી ભાજપના પેટમાં તેલ રેડાયું અને તેમણે અડધા વીડિયો ચલાવ્યા. ભાજપે જે કર્યુ એ ભગવાન શિવનું અપમાન છે, તમામ ધર્મ મૂળ માનવતા છે તેની વાત રાહુલ ગાંધીએ કરી હતી. શિવજી દર્શન કરવાની પોતાની વાત કરી હતી. ડરો નહી અને ડરાવો નહિ. હિંસક માર્ગ હિન્દુનો હોય શકે નહિ.. ભાજપ મત માટે હિંસા કરી રહ્યો છે. રાહુલ ગાંધીજી વાત બાદ ભાજપમાં ડરથી હિંસા માર્ગ અપનાવ્યો છે. ભગવાન શ્રીરામ પણ લંકા ચઢાઈ કરી ત્યારે મહાદેવની પૂજા કરી હતી. ભાજપે જે કર્યુ છે તે શિવજી અપમાન કર્યુ છે. હું અપીલ કરીશ કે કોઈપણ શિવભક્ત ભાજપને માફ ના કરે. લડાઈ વિચારધારા, સિધ્ધાંતની હોઈ શકે. કોઈ પાર્ટીની ઓફિસમાં પહોંચી તોડફોડ કરવી ગુજરાતની પરંપરા નથી રહી. લડાઈ હંમેશા વિચારધારાની હોય છે. કયારેય કોઈ રાજકીય પાર્ટી બીજી રાજકીય પાર્ટી ઓફિસ તોડફોડ કરી નથી. ભાજપ આ પ્રકારનું કૃત્ય કરીને ગુજરાતની અસ્મિતાની ખંડન કર્યુ છે. કોંગ્રેસ ઓફિસનાં ચોકીદારની પ્રેગ્નન્ટ દીકરી પર પણ ભાજપનાં લોકોએ હુમલો કર્યો. બપોરની ઘટના બાદ પણ પોલીસે સાંજની ઘટના થવા દીધી. ગોતા–ઘાટલોડિયાનાં ભાજપનાં ગૃપમાં ૪ વાગ્યે હુમલો કરવાનાં મેસેજ ફરતા થયા હતા. કોંગ્રેસ કાર્યાલય તરફથી પોલીસને પૂરતો બંદોબસ્ત રાખવા પણ માંગ કરવામાં આવી હતી. એલિસબ્રિજ પોલીસ સ્ટેશન અને ઉચ્ચ પોલીસ અધિકારીઓને આવી ઘટના બનવાની છે. તેની કોંગ્રેસ તરફથી જાણ કરાઈ હતી. પોલીસે ભાજપનાં ગુંડાઓને મદદ કરવાનું કામ કર્યુ. સેલ્ફ ડિફેન્સ એ કાયદાએ આપેલો અધિકાર છે, પોલીસ અધિકારી બાજુમાં ઉભા રહી ભાજપનાં ગુંડાઓ પથ્થર મારી રહ્યા છે, પોલીસ અધિકારી ડંડો ફટકારી પથ્થરબાજી રોકી શકતા હતા. પોલીસની ફરિયાદમાં એકપણ ભાજપનાં નેતાના નામ નથી. કોંગ્રેસની બે હિન્દુ મહિલાઓના નામ પોલીસ ફરિયાદમાં છે.

કોંગ્રેસ ઓફિસમાં તોડફોડ કરનાર લોકો વિડિયો વાયરલ કરી રહ્યા છે. વિડિયો વાયરલ થાય બાદ પણ પોલીસ દ્વારા કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી? પોલીસને કોંગ્રેસ ઓફિસ દ્વારા પહેલા જાણ કરવા છતાં પોલીસ પગલાં લીધા નથી. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, ઉપનેતા શૈલેષ પરમાર સહિતનાં વરિષ્ઠ નેતાઓએ પોલીસને જાણ કરવા છતાં કાર્યવાહી નથી. મંજૂરી વિના ભાજપના લોકો કોંગ્રેસ ઓફિસ આવ્યા છે. પોલીસ દ્વારા ભાજપના લોકોને મદદ કરી છે. સૂત્રોચ્ચાર બાદ પથ્થરમારો ભાજપનાં લોકો શરૂ કર્યો હતો. પોલીસ જનતાની નહિ પણ ભાજપ મદદ કરી રહી હોવાનાં આક્ષેપ પોલીસની ફરિયાદમાં ભાજપના નેતાનું નામ કેમ નહિ? કોંગ્રેસના મહિલા નેતાઓનું નામ લખવામાં આવ્યું છે. નવો કાયદો બહુ સ્પષ્ટ છે કે ફરિયાદી પહોંચે તો તેની ફરિયાદ લેવી જોઈએ. કાયદા મુજબ એફઆઈઆર લેવી ફરજિયાત છે. તેમ છતાં કોંગ્રેસના નેતા કલાકો સુધી બેસાડવામાં આવ્યા છે અને હજુ સુધી ફરિયાદ નહિ પણ માત્ર અરજી લેવામાં આવી.

વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદનાં પોલીસ કમિશ્નરની છાપ સારા અધિકારી તરીકેની છે. પોલીસ અધિકારીઓ દ્વારા કોંગ્રેસના ડીટેન થયેલા નેતાઓના નામ ભાજપને આપ્યા છે. કોઈની પણ પ્રિમાઈસિસમાં વોરન્ટ વગર ઘૂસવાનો પોલીસને અધિકાર નથી, પોલીસને વિનંતી કે ભાજપના રવાડેનાં ચડે. જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવે એવી માંગ કરે છે. કોંગ્રેસનાં કાર્યકરો કોઈ ગુન્હેગાર નથી. જેથી તેમની સાથે માનવીય વ્યવહાર થવો જોઈએ. પોલીસ અને ભાજપ કોંગ્રેસને નિઃસહાયના સમજે. કોંગ્રેસ અન્યાય સહન નહિ કરે. કોંગ્રેસનો કાર્યકર બબ્બર શેર છે. પોલીસ અધિકારીઓ સામે જરૂર પડશે તો સુપ્રીમ કોર્ટ સુધી જઈશું. જો પોલીસ દ્વારા નિષ્પક્ષ કાર્યવાહી કરવામાં નહીં. આવે તો તેના જવાબમાં ૬ જુલાઈએ કોંગ્રેસનો કાર્યકર પ્રદેશ કાર્યાલયથી રસ્તા પર ઉતરશે અને જેલભરો સુધીનો કોલ આપવામાં આવશે, અમે ઈચ્છત તો રથયાત્રાનાં દિવસે પણ આ કોલ આપી શકતા હતા. પરંતુ રથયાત્રાનાં પાવન પર્વમાં સુપેરે પુર્ણ થાય અને ભાવી ભકતોને તકલીફનાં પડે તે માટે કોંગ્રેસ પક્ષ ૬/૭/૨૦૨૪ના રોજ કાર્યક્રમ યોજશે. ગુજરાત કોંગ્રેસ દ્વારા લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ગુજરાત પ્રદેશ કાર્યાલય આવવા માટે વિનંતી કરી છે, થોડા દિવસોમાં રાહુલ ગાંધી પ્રદેશ કાર્યાલય કાર્યકરોને મળવા માટે આવશે. શિવભકત ગુજરાતીઓ ભાજપને ઓળખી ગયા છે. ૨૦૨૭માં ગુજરાત ભાજપને જવાબ આપશે.

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, સી.ડબ્લ્યુ.સી. મેમ્બર અને પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં ઉપનેતા શૈલેષ પરમાર, કાર્યકારી અધ્યક્ષ જીજ્ઞેશ મેવાણી, ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, સેવાદળનાં રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ, પૂર્વ સાંસદ ડો. અમીબેન યાજ્ઞિક, એ.આઈ.સી.સી.નાં સહમંત્રી નિલેશભાઈ પટેલ, અમદાવાદ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રદેશ પ્રવકતા હિરેન બેંકર, ડો. અમિત નાયક, લીગલ સેલનાં સભ્ય ઈકબાલ શેખ સહિત વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમરેલીનાં ભકિતનગર ખાતે ''એક પેડ મા કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણ થયું



એ દેશવાસીઓને આપેલ મંત્ર જે ''એક પેડમા કે નામ'' કાર્યક્રમ અંતર્ગત આયોજીત વોર્ડ નં.૪ ભકિતનગરમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત વિધાનસભાના નાયબ દંડક પૂર્વ કૌશિકભાઈ વેકરીયા, નગરપાલીકાના પ્રમુખ, બિપીનભાઈ લીંબાણી સાથે નરેશભાઈ મહેતા, મનીષભાઈ ધરજીયા, હરિભાઈ કાબરીયા, ચિરાગભાઈ ચાવડા, મજબુતભાઈ બસીયા, પિન્ટુભાઈ કંરૂદલે કાળુભાઈ પાનસુરીયા, દિલાભાઈ વાળા, દિપકભાઈ બાંભરોલીયા, હરેશભાઈ ચાવડા, ચિરાગભાઈ ત્રિવેદી સૌ કાર્યકરો તથા વોર્ડ નં. ૪ ભકિતનગરના રહિસો, નિતીનભાઈ અકવાર્ય રાજુભાઈ ટાંક, મનુભાઈ ચંડેરા, રમેશભાઈ કારેલીયા, સંજયભાઈ લાખલખીયા મુનાભાઈ આહિર, નિલેશભાઈ જાની, યજ્ઞેશભાઈ કારેલીયા, દિપકભાઈ વાળા, મનીષભાઈ શુકલ, ધમેન્દ્રભાઈ જોષી, જીતેશભાઈ, સુનીલભાઈ તથા ભકિતનગરના સર્વે રહીસો ઉપસ્થિત રહીને કાર્યક્રમ સફળ કર્યો હતો.

## માત્ર ૫૦ થી ૧૦૦ મીટરનો માર્ગ પસાર કરવો એટલે ધોળે દિ'એ તારા દેખાઈ

# અમરેલીનાં હરિરામબાપા ચોકમાં હાડકાતોડ માર્ગથી પરેશાની


**નાગનાથ મંદિર, નગરપાલિકા, નાનુ બસ સ્ટેન્ડ નજીકમાં છતાં પણ માર્ગની હાલત દયનીય**

**જનતાનાં પરસેવાનાં પૈસાથી બનતાં માર્ગોનો ઉપયોગ કરવો જનતા માટે મુશ્કેલ**

**પાલિકાનાં શાસકો શહેરીજનોને પ્રાથમિક સુવિધા આપવામાં ઉણા ઉતરી રહ્યા છે**

**પાલિકાની બાંધકામ શાખાએ હરિરામબાપા ચોકથી પાલિકાનાં દરવાજા સુધીનાં માર્ગની મરામત કરવી જરૂરી**



અમરેલી, તા. ૪

અમરેલી શહેરની દોઢ લાખ જનતાને નિયમિત પાણી, પુરતા પ્રમાણમાં સ્વચ્છતા, સારા માર્ગો, સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓ આપવામાં પાલિકાનાં શાસકો ઉણા ઉતરી રહ્યા હોય ધારાસભ્ય કૌશિક વેકરિયાએ પાલિકાનાં શાસકોની કામગીરીની દર ૧૫ દિવસે સમીક્ષા કરવી પડે તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે.

અમરેલીનાં હાર્દસમા પૂ. હરિરામબાપા ચોકમાં ર વર્ષ પહેલા પડેલ સીસી માર્ગમાં ભયજનક ખાડા પડી જતાં વાહનચાલકોને ખાસ કરીને ટુ–વ્હીલર ચાલકને ત્યાંથી પસાર થવામાં ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, હરિરામબાપા ચોકમાં નાનુ બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર અને નગરપાલિકા કચેરી આવેલી હોવા છતાં પણ માર્ગ બિસ્માર હોય તો શહેરનાં અન્ય વિસ્તારોમાં માર્ગ કેવા હશે તેનો વિચાર કરવો જરૂરી છે.

પાલિકાનાં શાસકોએ હરિરામબાપા ચોકથી લઈને પાલિકા કચેરીનાં દરવાજા સુધીનાં માર્ગની યુધ્ધનાં ધોરણે મરામત કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

---

## સંસ્થાનાં ડાયરેક્ટર વસંત પેથાણીનાં માર્ગદર્શનતળે

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા શાળામાં સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિએ ભાવવંદના કરાઈ

**વિદ્યાર્થીઓને વિવેકાનંદજીનાં જીવનમાંથી પ્રેરણા લેવા અનુરોધ**



અમરેલી, તા. ૪

ભારતની સંસ્કૃતિને વિશ્વભરમાં ઉજાગર કરનાર અને દેશના યુવાઓના આદર્શ અને મહાન વ્યકિતત્વની ૧૨૨મી પુણ્યતિથિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદજીને પુષ્પ અને સુતરની આંટી પહેરાવીને સુત્ત સત્ત વંદન કરવામાં આવ્યા.

તેમજ તમામ વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી સાદગી, પરિગ્રહ, ઉચ્ચ જીવન યુવા ઉત્સાહ વગેરે જેવા નૈતિક મૂલ્યો વિદ્યાર્થીઓના જીવનમાં કેળવાય અને તેઓનો સર્વાંગી વિકાસ થાય તે અંગે વિદ્યાર્થીઓનો શિક્ષકો દ્વારા માર્ગદર્શિત કરવામાં આવ્યા. તેમજ શાળાના વિદ્યાર્થીઓએ વર્ગખંડમાં સ્વામી વિવેકાનંદ જીવનના વિચારો વ્યકત કર્યા અને “ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો'' ઉમદા વિચાર વિદ્યાર્થીઓમાં કેળવાય તે અંગે વિદ્યાર્થીઓએ ચરિતાર્થ કર્યો.

---

## ધારાસભ્ય તળાવીયાએ આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

# બાબરામાં આરોગ્ય કેન્દ્રનુ નવુ મકાન બનાવીને તબીબોની નિમણુંક કરો

**દર્દી નારાયણના હિતમાં રજુઆત કરતા ધારાસભ્ય**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના બાબરા શહેરમાં આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગ અને ડોકટરોની નિમણૂક કરવા માટે લાઠી – બાબરા વિસ્તારના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી હતી.આ વિસ્તારના લોકોની સુખાકારી માટે ધારાસભ્ય સતત વિકાસના કામો લાવવા માટે કાર્યશીલ જોવા મળી રહ્યા છે.



લાઠી શહેરમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી ૫૬ કરોડના ખર્ચે એ નવી સિવિલ હોસ્પિટલની મંજૂરી મળી છે.ત્યારે બાબરા વિસ્તારમાં પણ વર્ષોથી જર્જરિત આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગ અને ડોકટરોની નિમણુંકને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે,હાલ બાબરા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે પરંતુ આ આરોગ્ય કેન્દ્ર છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં છે.આ આરોગ્ય કેન્દ્ર ખુબજ નાની જગ્યામાં હોવાથી દર્દીઓને અને તેની સાથે આવેલ સગા સબંધીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તો આ આરોગ્ય કેન્દ્રને અન્ય જગ્યાએ ફેરવી નવું બિલ્ડિંગ બનાવવું જરૂરી છે તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે ગાયનેક, ઓર્થોપેડીક, પીડીયાટીશિયન, એમ. એસ વિગેરે પ્રકારના ડોકટરોની ખાસ જરૂરિયાત છે. હાલ આ પ્રકારના ડોકટરો નથી તો ડોકટરઓની નિમણૂક કરવા આવે અને નવું બિલ્ડિંગ બનાવવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી હતી.

તેવામાં ચૂંટાયા બાદ જનકભાઈ સતતપોતાના મત વિસ્તારના લોકોની સમસ્યાને સરકાર સુધી પહોંચાડી રહ્યા છે.જેનો ફાયદો વિસ્તારના લોકોને મળી રહ્યો છે.ત્યારે ધારાસભ્યની રજૂઆતથી બાબરા પંથકના લોકોમાં ખુશી જોવા મળી રહી છે.

---

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ગાયત્રી યજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૪

સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૩૦/૦૬/૨૦૨૪ નાં રોજ સારહી પરીવારના સભ્ય પ્રવિણભાઈ પટોળીયા ના સહ પરીવાર ને ગાયત્રી યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓ તથા સારહી પરિવારના સભ્ય ભાવેશભાઈ કાબરીયા એ પણ યજ્ઞમાં આહુતિ આપી. ગાયત્રી શક્તિ પીઠ અમરેલી માંથી ગીતાબેન બાવીશી તથા શોભનાબેન ગઢીયાએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો.

સારહી યુથ ક્લબ ઓફ અમરેલી પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તથા સારહી પરિવાર હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.


માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક
વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા
દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ.
સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા
શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭




















### રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર

# ગુજરાતના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪%નો વધારો

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો : એરિયર્સ પેટે કુલ ૧૧૨૯.૫૧ કરોડ ચૂકવાશે

ગાંધીનગર, તા.૪

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારા આપવાની જાહેરાત કરવામાં આવી છે. કર્મચારીઓને આ લાભ તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૪થી આપવાની જાહેરાત કરવામાં આવી છે.આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૧ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૭૩ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે.મોંઘવારી ભથ્થાની ૬ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે.તદઅનુસાર, જાન્યુઆરી-૨૦૨૪ તથા ફેબ્રુઆરી- ૨૦૨૪ મહિનાની તફાવતની રકમ જુલાઈ-૨૦૨૪ના પગાર સાથે, માર્ચ અને એપ્રિલ-૨૦૨૪ની તફાવતની રકમ ઓગષ્ટ-૨૦૨૪ના પગાર સાથે તેમજ મે અને જૂન-૨૦૨૪ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ સપ્ટેમ્બર-૨૦૨૪ના પગાર સાથે કર્મયોગીઓને ચુકવવામાં આવશે.

રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને ૧૧૨૯.૫૧ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

### રોજર બિન્ની અને જય શાહ પણ ઉપસ્થિત રહ્યા

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટીમ ઇન્ડિયાની મુલાકાત થઈ

## મુલાકાત દરમિયાન મોદીએ તમામ ખેલાડીઓની ખૂબ પ્રસંશા કરી અને તેઓના સાથે ઘણો સમય વાતચીત કરી

નવી દિલ્હી, તા.૪

ટીમ ઈન્ડિયા ૨૦૨૪નો ખિતાબ જીત્યા પછી ટીમ ઈન્ડિયાની જ્યારે વતન વાપસી થઈ તો સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તમામ ખેલાડીઓ જ્યારે અહીં પહોંચ્યા ત્યારે એરપોર્ટથી સીધા હોટલ ગયા, જ્યાં તેના સ્વાગત માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાર બાદ ખેલાડીઓ સીધા વડાપ્રધાન આવાસ જવા માટે રવાના થયા હતા. આ દરમિયાન આશરે બે કલાક સુધી મુલાકાત ચાલી હતી. પીએમ મોદીએ તમામ ખેલાડીઓની ખૂબ પ્રસંશા કરી અને તેઓના સાથે ઘણો સમય વાતચીત કરી હતી. ખેલાડીઓ અને કોચ સિવાય બીસીસીઆઈ અધ્યક્ષ અને સચિવ પણ હાજર રહ્યા હતા. આ બંનેએ પીએમ મોદીને ખાસ ભેટ આપી હતી. ભારતીય ટીમ એર ઈન્ડિયાના વિશેષ વિમાન AIC24WCમાં બુધવારે ભારતીય સમયાનુસાર સવારે ૪.૫૦ મિનિટે બારબાડોસથી રવાના થયા અને ૧૬ કલાક સુધી ક્યાંય પણ રોકાયા વગર ગુરુવારે સવારે ભારતીય સમયાનુસાર ૬ વાગ્યા દિલ્હી પહોંચી હતી. આશરે ૧૧ વાગ્યે તમામ ખેલાડી અને હેડ કોચ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે તેના આવાસે રવાના થયા.

ભારતીય ટીમે વડાપ્રધાનના ૭, લોક કલ્યાણ માર્ગ સ્થિત આવાસ પર આશરે ૨ કલાક વિતાવ્યા હતા. બીસીસીઆઈ અધ્યક્ષ રોજર બિન્ની અને સચિવ જય શાહે પીએમ મોદીને ટીમ ઈન્ડિયાની ખાસ જર્સી આપી હતી. જેની પાછળ નમો અને નંબર ૧ લખેલુ હતું. આ જર્સીને મેળવીને પીએમ મોદી ઘણાં ખુશ જોવા મળ્યા હતા. આ પહેલા એરપોર્ટથી તમામ ખેલાડી એક એક કરીને બહાર નીકળ્યાં હતા. ખેલાડીઓ થાકેલા હતા, પરંતુ ઉત્સાહિત ખેલાડીઓની રાહ જોઈ રહેલા પ્રસંશકોને હાથ હલાવી ઉત્સાહપૂર્ણ રીતે અભિવાદ જીલ્યા હતા. ફાઈનલમાં ડેવિડ મિલરનો શાનદાર કેચ પકડીને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવનાર સૂર્યકુમાર નારાઓના જવાબ આપવામાં સૌથી વધુ ઉત્સાહિત હતા. ભયાનક કાર દુર્ઘટનામાં ઘાયલ થયા બાદ ટી૨૦ વર્લ્ડ કપ સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસમાં વાપસી કરનાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે પ્રસંશકોને સલામ કરી જ્યારે ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે તેની સામે ફ્લાઈંગ કિસ આપી હતી. રોહિત અને વિરાટ કોહલી છેલ્લે બહાર નીકળ્યા હતા.

### કોંગ્રેસના કાર્યાલય ખાતે તોડફોડની ઘટના

# કોંગ્રેસે ૧૦ તો ભાજપે ૨૫૦ લોકો સામે ફરિયાદ કરી

## કોંગ્રેસના દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

અમદાવાદ,તા.૪

સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના હિન્દુઓ પરના નિવેદન મુદ્દે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ દ્વારા બે દિવસ પહેલા મોડી રાત્રે કોંગ્રેસના કાર્યાલય ખાતે તોડફોડ અને કાળો કલર મારવાની ઘટના બની હતી. ત્યાર બાદ ભાજપ-કોંગ્રેસના કાર્યકરો દ્વારા સામસામે પથ્થરમારોની ઘટના બની હતી. ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૨૫૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી હતી.હવે કોંગ્રેસના દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં બજરંગ દળના જવલિત મહેતા અને પૂર્વ કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ સહિતના ૧૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે. સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧ જુલાઈએ સંસદમાં નિવેદન આપ્યા બાદ ૨ જુલાઈએ અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં મોડી રાત્રે બજરંગ દળના નેતા જવલિત મહેતા, પૂર્વ, કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ, ચિંતન લોધા સહિત અજાણ્યા ૮થી ૧૦ લોકો કાર્યાલયમાં ઘૂસી ગયા હતા. સિક્યુરિટી ગાર્ડને ધાક ધમકી આપી કાર્યાલયમાં રહેલા ઝંડા બેનરો અને રાહુલ ગાંધીના પોસ્ટરોને નુકસાન કર્યું હતું. કોંગ્રેસ કાર્યાલય ખાતે લાગેલા CCTVમાં તપાસ કરતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું. રાહુલ ગાંધીના ફોટો પર કાળો સ્પ્રે છાંટ્યો અને બેનરો ફાડી ધમાલ મચાવી હતી. આ બનાવ અંગે ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે જણાવ્યું હતું કે, ભાજપના કોઈ કાર્યકરે આવી પ્રવૃત્તિ કરી હોય એવું ધ્યાને આવ્યું નથી. જોકે, કોંગ્રેસ કાર્યાલય ખાતે લાગેલા ઝઝફમાં તપાસ કરતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને બે દિવસ બાદ કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે દિવસે ઘટના બની તે જ દિવસે સવારે કોંગ્રેસ પક્ષ દ્વારા એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે જઈ ફરિયાદ નોંધાવવામાં આવી નહોતી. આ ઘટના મામલે ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૨૫૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે, ત્યારે હવે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં આ મામલે ૧૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે.

### રાજસ્થાનના રાજકારણમાં મોટી હલચલ

# કૃષિ મંત્રી કિરોડીલાલ મીણાએ રાજીનામું આપ્યું

## રાજસ્થાનમાં લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન મંત્રી કિરોડીલાલ મીણાએ આપેલું વચન તેમને જ મોંઘુ પડ્યું

જયપુર,તા.૪

રાજસ્થાનની રાજનીતિમાં એક મોટી હલચલમાં આજે ગુરુવારે રાજ્યના કેબિનેટ મંત્રી ડૉ. કિરોડીલાલ મીણાએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. લોકસભા ચૂંટણી બાદથી વિપક્ષ તેમના રાજીનામા અંગે સતત પ્રહારો કરી રહ્યો હતો, જ્યારે તેમના સાથીદારો કહી રહ્યા હતા કે તેઓ પદ છોડી રહ્યા નથી. જો કે હવે કિરોડીલાલ મીનાએ પોતાનું રાજીનામું મુખ્યમંત્રી ભજન લાલને મોકલી આપ્યું છે. તેમણે આ રાજીનામું ચૂંટણી પરિણામ આવ્યાના એક મહિના બાદ આપ્યું છે. લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન મંત્રી કિરોડીલાલ મીણાએ આપેલું વચન તેમને મોંઘુ પડ્યું છે. તેમણે જાહેરાત કરી હતી કે, ભાજપ રાજસ્થાનમાં તેમના ચાર્જ હેઠળની તમામ ૭ બેઠકો જીતશે, જ્યારે શાસક પક્ષ માત્ર ૩ બેઠકો જીતી શક્યો. આ પછી તેમના પર રાજીનામું આપવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું હતું. ડૉ. કિરોડીલાલ મીણાની ગણતરી પૂર્વી રાજસ્થાનના મીણા સમુદાયના દિગ્ગજ નેતાઓમાં થાય છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં રાજસ્થાનમાં બનેલી ભાજપની ભજનલાલ સરકારમાં તેમને કૃષિ મંત્રી બનાવવામાં આવ્યા હતા. જો કે, લોકસભા ચૂંટણી દરમિયાન તેમના પ્રચાર દરમિયાન, તેમણે વચન આપ્યું હતું કે, જો ભાજપ તેમના ચાર્જ હેઠળની સાત બેઠકોમાંથી એક પણ ગુમાવશે, તો તેઓ તેમના પદ પરથી રાજીનામું આપી દેશે. હવે તેમણે પૂર્વ રાજસ્થાનમાં પાર્ટીની હારની નૈતિક જવાબદારી સ્વીકારીને પદ પરથી રાજીનામું આપી દીધું છે.લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન, કિરોડીલાલ મીણાએ ૧૭ મે ૨૦૨૪ના રોજ આ વચન આપ્યું હતું કે, ‘‘જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારના રોડ શો માટે ૧૨ એપ્રિલે દૌસામાં આવ્યા હતા, ત્યારે તેમણે મને અહીં ૭ બેઠકોની જવાબદારી આપી હતી. જો અમે આ ૭માંથી એક પણ બેઠક ગુમાવીશું તો હું કેબિનેટ મંત્રી પદ પરથી રાજીનામું આપી દઈશ. જો કે, ૩ જૂને, ચૂંટણી પરિણામોના એક દિવસ પહેલા (૪ જૂન), કિરોરી લાલ મીણાએ ફરીથી આ વચનનો પુનરોચ્ચાર કર્યો હતો કે, ‘જો ભાજપ સાતમાંથી એક બેઠક પણ હારી જશે, તો હું મંત્રી પદ પરથી રાજીનામું આપીશ.’ભાજપના નેતા કિરોડીલાલના હવાલા હેઠળ રાજ્યની દૌસા, ટોંક-સવાઈ માધોપુર, ભરતપુર, ભીલવાડા, કોટા-બુંદી, કરૌલી-ધોલપુર અને જયપુર ગ્રામીણની બેઠકો હતી. ગયા મહિને જાહેર થયેલા લોકસભાના પરિણામોમાં ભાજપને ૭માંથી ૪ બેઠકો પર હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે ભાજપ ભારે સંઘર્ષ બાદ જયપુર ગ્રામીણ સંસદીય બેઠક જીતવામાં સફળ રહી હતી.પરિણામો આવ્યા બાદ કિરોડીલાલ મીણાના રાજીનામાને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચાનો દોર શરૂ થયો હતો. તેમણે પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ‘‘રઘુકુલ રીત સદા ચાલી આઈ, પ્રાણ જાએ પર વચન ન જાઈ’’ લખીને રાજીનામાની અટકળોને વેગ આપ્યો હતો. લગભગ એક મહિનો વીતી ગયો પરંતુ તેમણે પદ પરથી રાજીનામું આપ્યું નહીં. જોકે આ સમયગાળા દરમિયાન તે ભાગ્યે જ જાહેરમાં જોવા મળ્યા હતા.

બીજી તરફ વિપક્ષ કોંગ્રેસના નેતાઓએ પણ રાજીનામાને લઈને કિરોડીલાલ મીણા પર નિશાન સાધવાનું શરૂ કર્યું હતું. રાજસ્થાનમાં, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરાએ કટાક્ષ કરતાં કહ્યું હતું કે, ‘‘ડોક્ટર કિરોડીલાલ મીણા તેમના વચન પર સાચા છે, જુઓ, તેઓ ચોક્કસપણે રાજીનામું આપશે.’’ કોંગ્રેસ મહાસચિવ જસવંત સિંહ ગુર્જરે પણ આકરી ટીકા કરી હતી

કિરોડીના ભત્રીજા અને મહવા સીટના ધારાસભ્ય રાજેન્દ્ર મીણાએ પણ કહ્યું હતું કે, ‘‘કિરોડીલાલ મીણા ક્યારેય વચનોથી પાછા પડતા નથી, તેઓ જે કહે છે તે પૂરા કરે છે, ધીરજ રાખો, તેઓ ચોક્કસપણે રાજીનામું આપશે.’’ જોકે, લોકસભા ચૂંટણીના પરિણામો બાદ તેમણે સરકારી સુવિધાઓનો ઉપયોગ કરવાનું બંધ કરી દીધું હતું. રાજીનામાના પ્રશ્ન પર, ૧૫ જૂનના રોજ માઉન્ટ આબુના પ્રવાસે ગયેલા કિરોડીલાલે કહ્યું હતું કે, ‘તેમણે રાજીનામું આપવાની વાત કરી હતી, તેથી હવે તેમણે તેમ કરવું પડશે.

### ISRO ચીફના નિવેદન પર જયરામ રમેશનો ટોણો

# અંતરિક્ષમાં જતા પહેલા વડાપ્રધાન મોદી મણિપુરની મુલાકાતે જાય

## મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પૂરતા પગલાં લેવામાં આવ્યા નથી : વિપક્ષ દ્વારા આક્ષેપ કરાયા

નવી દિલ્હી, તા.૪

હાલમાં જ ઈસરોના વડા એસ સોમનાથે કહ્યું હતું કે જો અમે વડાપ્રધાનને અવકાશમાં મોકલી શકીએ તો અમને ખૂબ ગર્વ થશે. એસ સોમનાથના આ નિવેદન પર કોંગ્રેસે વડાપ્રધાન પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે ‘વડાપ્રધાને અંતરિક્ષમાં જતા પહેલા મણિપુરની મુલાકાત લેવી જોઈએ. મીડિયા અહેવાલો અનુસાર, ISROના વડા એસ સોમનાથે કહ્યું હતું કે જો વડાપ્રધાન મોદી ભારતના પ્રથમ માનવ મિશન ગગનયાન હેઠળ અવકાશમાં જવા માંગે છે તો તે ખૂબ જ ગર્વની વાત હશે. ગગનયાન વર્ષ ૨૦૨૫માં લોન્ચ થવાનું છે. ઈસરોના ચીફને પૂછવામાં આવ્યું કે શું તેઓ ખુશ થશે જો વડાપ્રધાન મોદી ઈસરોના માનવ મિશન હેઠળ અવકાશમાં જવા ઈચ્છે? તેના જવાબમાં એસ સોમનાથે કહ્યું, ‘તેઓ આનાથી ખુબ ખુશ હશે, પરંતુ તેમની (પીએમ મોદી) પાસે બીજી ઘણી મહત્વપૂર્ણ જવાબદારીઓ છે. તેમને પૂર્ણ કરવું એ તેમની પ્રથમ પ્રાથમિકતા છે. પરંતુ આ એક એવી ક્ષમતા છે જેને આપણે હાંસલ કરવા માંગીએ છીએ, લોકોને અવકાશમાં એટલી હદે મોકલવાની ક્ષમતા વિકસાવવા માંગીએ છીએ કે તે અત્યંત સલામત બની જાય, અને અમે તેને હાંસલ કરવાની પ્રક્રિયામાં છીએ.કોંગ્રેસ મણિપુર હિંસા મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરવામાં વ્યસ્ત છે. વિપક્ષનો આરોપ છે કે પીએમ મોદીએ મણિપુર હિંસા પર મૌન જાળવી રાખ્યું છે અને રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પૂરતા પગલાં લેવામાં આવ્યા નથી. મણિપુરમાં ગત વર્ષે મે મહિનામાં જાતિય હિંસા શરૂ થઈ હતી. આ હિંસામાં ૨૦૦ થી વધુ લોકોના મૃત્યુ થયા છે અને હજારો લોકોને વિસ્થાપનનો સામનો કરવો પડ્યો છે. રાજ્યસભામાં પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ મણિપુરના મુદ્દા પર પણ નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે કેન્દ્ર સરકાર રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવાનો સતત પ્રયાસ કરી રહી છે.

### બંગાળ રાજભવનની મહિલા કર્મચારીએ

# રાજ્યપાલને આપવામાં આવેલી છૂટ સામે SCમાં અરજી કરી

## બંધારણના અનુચ્છેદ ૩૬૧ મુજબ, રાજ્યપાલ વિરુદ્ધ તેમના કાર્યકાળ દરમિયાન કોઈપણ કોર્ટમાં ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી

નવી દિલ્હી, તા.૪

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર છેડતીનો આરોપ મૂકનાર મહિલાએ બંધારણની કલમ ૩૬૧ હેઠળ તેમને આપવામાં આવેલી ‘સંપૂર્ણ પ્રતિરક્ષા’ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ મહિલા બંગાળ રાજભવનમાં કોન્ટ્રાક્ટ પર કામ કરે છે. બંધારણના અનુચ્છેદ ૩૬૧ મુજબ, રાજ્યપાલ વિરુદ્ધ તેમના કાર્યકાળ દરમિયાન કોઈપણ કોર્ટમાં ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. મહિલા અરજદારે સર્વોચ્ચ અદાલત પાસે કેન્દ્ર સરકારને ચોક્કસ માર્ગદર્શિકા તૈયાર કરવા નિર્દેશ આપવા માંગ કરી છે, જેના હેઠળ રાજ્યપાલોને તમામ પ્રકારના ફોજદારી કેસોમાં ઈમ્યુનિટી ન આપવી જોઈએ.અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ‘આ કોર્ટે નક્કી કરવાનું છે કે શું અરજદાર જેવી પીડિતાને ન્યાય આપવાનો ઈનકાર કરી શકાય. તેમનો એક માત્ર વિકલ્પ છે કે આરોપી પદ છોડે તેની રાહ જોવી. આનાથી કેસ દાખલ કરવામાં વિલંબ થશે અને તે કોર્ટમાં સુનાવણી દરમિયાન આ વિલંબને યોગ્ય ઠેરવી શકશે નહીં. આ રીતે આ સમગ્ર પ્રક્રિયા માત્ર દેખાડો બનીને રહી જશે અને પીડિતને કોઈ ન્યાય નહીં મળે. અરજીમાં પીડિતાએ પશ્ચિમ બંગાળ પોલીસ દ્વારા મામલાની તપાસ અને પોતાની અને તેના પરિવારની સુરક્ષા તેમજ તેની પ્રતિષ્ઠાને થયેલા નુકસાન માટે સરકાર પાસેથી વળતરની માંગ કરી છે.રાજભવનની એક કોન્ટ્રાક્ટવાળી મહિલા કર્મચારીએ કોલકાતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે સીવી આનંદ બોઝે ૨૪ એપ્રિલ અને ૨ મેના રોજ ગવર્નર હાઉસમાં તેની સાથે છેડતી કરી હતી. તેણે બોઝ પર તેની ક્રિયાઓ પરથી ધ્યાન હટાવવા માટે યુક્તિઓનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો અને આગ્રહ કર્યો કે તેણે પોલીસને તપાસની શરૂઆતમાં રાજભવન સંકુલમાંથી સીસીટીવી ફૂટેજ એકત્રિત કરવાની મંજૂરી આપવી જોઈતી હતી. ૨ મેના રોજ, સાંજે ૫.૩૨ થી ૬.૪૧ વાગ્યા સુધી, રાજભવનના ગ્રાઉન્ડ ફ્લોર પર સેન્ટ્રલ માર્બલ હોલમાં મુખ્ય (ઉત્તર) ગેટ પર સ્થાપિત બે સીસીટીવી કેમેરાના ફૂટેજ પસંદગીના લોકો અને પત્રકારોને બતાવવામાં આવ્યા હતા.પ્રથમ ફૂટેજમાં, મહિલા કર્મચારી, જીન્સ અને ટોપ પહેરેલી, તે દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નિર્ધારિત મુલાકાત માટે રાજભવન સંકુલમાં તૈનાત મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓની વચ્ચે રાજ્યપાલના ઘરની અંદર પોલીસ ચોકી તરફ દોડતી જોવા મળી હતી.

બીજા ફૂટેજમાં, ફાયર ટેન્ડરો અને પોલીસકમીઓ સહિત વિવિધ વાહનો રાજભવનના ઉત્તરી દરવાજા પર તેમની નિયમિત ફરજ માટે કતારમાં ઉભા જોવા મળ્યા હતા. જોકે, આરોપ લગાવનાર મહિલા કર્મચારી આ સીસીટીવી ફૂટેજમાં જોવા મળી નથી.મહિલાના આરોપના વિવાદ વચ્ચે સીવી આનંદ બોઝે ૨૮ જૂને મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દાવો કર્યો હતો કે ઘણી મહિલાઓએ તેમને ફરિયાદ કરી હતી કે તેઓ ત્યાં થઈ રહેલી ગતિવિધિઓને કારણે રાજભવન જવાથી ડરે છે. સીવી આનંદ બોઝની અરજી પર આજે કલકત્તા હાઈકોર્ટમાં કેસની સુનાવણી થવાની છે.

### ધારાસભ્યોની હાજરીમાં રાજ્યપાલે લેવડાવ્યા શપથ

# હેમંત સોરેન ફરી બન્યા ઝારખંડના મુખ્યમંત્રી

## હેમંતે કથિત જમીન કૌભાંડ કેસમાં ૩૧ જાન્યુઆરીએ ધરપકડ પહેલા સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું

રાંચી, તા.૪

લગભગ ૫ મહિના પછી હેમંત સોરેન ઝારખંડમાં સત્તામાં પાછા આવી ગયા છે. હેમંતે કથિત જમીન કૌભાંડ કેસમાં ૩૧ જાન્યુઆરીએ ધરપકડ પહેલા સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું, પરંતુ હવે તેમની મુક્તિ બાદ તેઓ ફરીથી મુખ્યમંત્રી બની ગયા છે.

ઝારખંડની કમાન ફરી હેમંત સોરેને સંભાળી લીધી છે. ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન આજે ઝારખંડના ૧૩મા મુખ્યપ્રધાન તરીકે શપથ લઈ લીધા છે. ઝારખંડના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને રાજભવનમાં હેમંત સોરેનને મુખ્યમંત્રી પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. હેમંત સોરેન ત્રીજી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે.આ પહેલા રાજ્યના મુખ્યમંત્રી ચંપઈ સોરેને ગઈકાલે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામું આપ્યા પછી જેએમએમના નેતા હેમંત સોરેન રાજભવન ખાતે રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો કર્યો. ત્યારે હવે હેમંત સોરેને ત્રીજી વખત રાજ્યની કમાન સંભાળી લીધી છે.જો કે, અગાઉ એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે હેમંત સોરેન ૭ જુલાઈએ મુખ્યમંત્રી પદના શપથ લેશે. પરંતુ હવે આજે મુખ્યમંત્રી પદના શપથ લઈ લીધા છે. અગાઉ શાસક ગઠબંધનના નેતાઓ અને ધારાસભ્યોએ રાંચીમાં ચંપઈ સોરેનના નિવાસસ્થાને મળેલી બેઠકમાં સર્વસંમતિથી હેમંત સોરેનને ઝારખંડ મુક્તિ મોરચા વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટ્યા હતા.

### ગર્ભ ગૃહમાં મોબાઈલ પર પણ પ્રતિબંધ

# રામ મંદિરના પૂજારીઓનો ડ્રેસ ભગવામાંથી બદલી પીળો કરાયો

## હિંદુ શાસ્ત્રોમાં રંગોનું આધ્યાત્મિક મહત્ત્વ દર્શાવાયું છે

અયોધ્યા, તા.૪

રામ મંદિર ટ્રસ્ટના અધિકારીઓ અનુસાર રામલલાના મંદિરના પૂજારીઓના ડ્રેસમાં ફેરફાર કરાયો છે. અત્યાર સુધી ગર્ભગૃહમાં પૂજારીઓ ભગવા વસ્ત્રમાં જોવા મળતા હતા, જેમાં ભગવા રંગનો કુર્તો, ધોતી અને પાઘડીનો સમાવેશ થતો હતો. જો કે હવે પૂજારીઓએ પીળા રંગના કુર્તા, ધોતી અને પાઘડી પહેરવાનું પણ શરૂ કર્યું છે. આ ઉપરાંત ગર્ભ ગૃહમાં મોબાઈલ ફોન લઈ જવા પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. મંદિર અધિકારીઓના જણાવ્યા અનુસાર, નવો ડ્રેસ કોડ પહેલી જુલાઈથી લાગુ થઈ ગયો છે. ‘ચૌબાની’ તરીકે ઓળખાતા પૂજારીઓના આ પરંપરાગત કુર્તામાં બટન નથી હોતા. તેના બદલે વચ્ચેથી બાંધવા માટે જાડા દોરાનો ઉપયોગ કરાય છે. આ કુર્તા સાથે પગની ઘૂંટી સુધીની એક મોટી સુતરાઉ ધોતી કમરની ચોતરફ બાંધવામાં આવે છે. આ ધોતી પહેરવાની એક ખાસ પદ્ધતિ હોય છે. આ સિવાય પૂજારીઓએ પીળી પાઘડી પહેરવી પણ જરૂરી છે. રામ મંદિરમાં એક મુખ્ય પૂજારીની સાથે ચાર સહાયક પૂજારી છે. દરેક સહાયક પૂજારીની સાથે પાંચ તાલીમાર્થી પૂજારી પણ રખાયા છે. આ પૂજારીઓની દરેક ટીમ સવારે ૩:૩૦ વાગ્યાથી રાતે ૧૧ વાગ્યાની વચ્ચે પાંચ કલાકની શિફ્ટમાં સેવા આપે છે. આ તમામ પૂજારીઓને પણ મંદિરમાં મોબાઈલ ફોન લઈ જવા પર પણ પ્રતિબંધ છે. ઉલ્લેખનીય છે કે ભારતીય ધર્મમાં પીળા રંગનું વિશેષ મહત્ત્વ છે. શુભ કાર્યોમાં પીળા અને ભગવા રંગનો જ ઉપયોગ કરવામાં આવે છે. હિંદુ ધર્મમાં રંગનું આધ્યાત્મિક મહત્ત્વ છે. ભગવો રંગ ત્યાગ, પ્રકાશ અને મોક્ષની ખોજનું પ્રતિનિધિત્વ કરે છે. તે આગનો રંગ છે. તે પવિત્રતા અને બલિદાનનું પણ પ્રતીક છે. બીજી તરફ, પીળો રંગ ભગવાન વિષ્ણુ સાથે જોડાયેલો છે. તેઓ ભગવાન રામનો અવતરા છે. પીળો રંગ જ્ઞાન, શિક્ષણ અને ખુશીઓનું પ્રતીક છે. તે શુભ મનાય છે અને અનુષ્ઠાનમાં પણ પીળા રંગનું માહાત્મ્ય હોય છે. રામ મંદિરનો ૫ ઓગસ્ટે શિલાન્યાસ કરાયો હતો, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પીળા રંગનો કુર્તો જ પહેર્યો હતો. જો કે, એ વખતે હાજર પૂજારીઓ ભગવા રંગના વસ્ત્રમાં હતા.

### ન્યાયની મજાક ન ઉડાવો

# ટ્રાયલમાં વિલંબ મામલે NIAને સુપ્રીમની ફટકાર

## સુપ્રીમે સખત ઠપકો આપતા કહ્યું કે, તે ભલે ગંભીર ગુનાનો આરોપી હોય પણ તેને ઝડપી સુનાવણીનો અધિકાર છે

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે ચાર વર્ષથી જેલમાં રહેલા એક આરોપીને જામીન આપતાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને ટ્રાયલમાં વિલંબ કરવા બદલ સખત ઠપકો આપ્યો હતો. આ કેસ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ (UAPA) ૧૯૬૭ હેઠળ નોંધવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે NIAને ન્યાયની મજાક ન ઉડાવવા જણાવ્યું હતું. કોર્ટે કહ્યું કે આરોપી ભલે ગંભીર ગુનાનો આરોપી હોય પણ તેને ઝડપી સુનાવણીનો અધિકાર છે. જસ્ટિસ જેબી પારડીવાલાની આગેવાની હેઠળની વેકેશન બેન્ચે NIAને કહ્યું કે, કેસ શરૂ કરવાની જવાબદારી તમારી છે.

તે છેલ્લા ચાર વર્ષથી જેલમાં છે. આજદિન સુધી આરોપો ઘડવામાં આવ્યા નથી. બેન્ચે એ પણ નોંધ્યું હતું કે ૮૦ સાક્ષીઓની તપાસ કરવાની બાકી છે. બેંચ બોમ્બે હાઈકોર્ટના આદેશ સામેની અપીલની સુનાવણી કરી રહી હતી જેણે અપીલકર્તા જાવેદ ગુલામ નબી શેખને જામીન પર મુક્ત કરવાનો ઈનકાર કર્યો હતો. આરોપીઓની લાંબી જેલને જોતા કોર્ટે કેસની સુનાવણી સ્થગિત કરવાનો ઈનકાર કર્યો હતો.૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ અપીલકર્તાની મુંબઈ પોલીસ દ્વારા ગુપ્ત માહિતીના આધારે ધરપકડ કરવામાં આવી હતી. લાંબા સમય સુધી જેલની સજા પર વિચાર કરવા ઉપરાંત સર્વોચ્ચ અદાલતે એ પણ નોંધ્યું કે આ ગુનામાં બે સહ-આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

### હાજર અધિકારીઓએ પાઠવ્યા અભિનંદન

# અમરનાથ યાત્રામાં તૈનાત રહેલા સુપરવાઈઝરે ફોન પર કર્યા લગ્ન

અમરનાથ, તા.૪

અમરનાથજીની યાત્રા માટે પહેલગામના નુનવાન બેઝકેમ્પમાં ફરજ બજાવતા સુપરવાઈઝર ફૈઝલ અહેમદે સમર્પણનું અનોખુ પ્રદર્શન કર્યું છે. જાણકારી પ્રમાણે ફૈઝલે વર્ચ્યુઅલ રીતે લગ્ન કર્યા હતા, જેથી કરીને તે બેઝકેમ્પમાં પોતાની જવાબદારીઓ નિભાવી શકે. આ પ્રસંગે ગ્રામીણ વિકાસ વિભાગ અને સેવા પ્રદાતાઓના કાર્યકરોએ ગ્રામીણ સ્વચ્છતા અંતર્ગત એક નાનું આયોજન પણ કર્યું હતું. દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના ઝૈનાપોરાનો રહેવાસી ફૈઝલ અહેમદે કેમ્પમાં રહીને પોતાનું કામ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. એક અધિકારીએ વાત કરતાં જણાવ્યું હતું કે, આ પ્રંસગે ડઝનેક લોકો હાજર રહ્યા હતા. અને તેમના માટે મિઠાઈ અને ચા- બિસ્કિટની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. ગ્રામીણ સ્વચ્છતાના મહાનિર્દેશક અનુ મલ્હોત્રાએ આ વિશેષ પ્રંસગે ફૈઝલ અહેમદને હ્રદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.આ અંગે અધિકારીઓએ કહ્યું કે, તેમનું સમર્પણ સ્વચ્છતા મિશનની સફળતાને સુનિશ્ચિત કરવાની ભૂમિકા દર્શાવે છે. ફૈઝલની પ્રતિબદ્ધતા અને તેમના દ્વારા આપવામાં આવતી અનુકરણીય સેવા પર અમને ગર્વ છે.બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO) મુદાસિર ગુલે જણાવ્યું હતું કે, ફૈઝલ અહેમદે સરળ તીર્થયાત્રાને સુનિશ્ચિત કરવા પોતાની જવાબદારીને સમજતાં ફૈઝલ અહેમદે પ્રસંગ માટે ઘરે જવાને બદલે બેઝકેમ્પમાં રહેવાનું પસંદ કર્યું. તેમજ ઉપસ્થિત લોકોએ તેમનું મનોબળ વધારવા માટે એક યાદગાર પ્રસંગ આયોજન કર્યું છે.

### અનંત-રાધિકાના લગ્ન પહેલા પહોંચ્યા

# મુકેશ અંબાણી અચાનક પહોંચ્યા રાહુલ ગાંધીના ઘરે

## મુકેશ અંબાણી રાહુલ ગાંધીને તેમના નિવાસસ્થાને મળ્યા અને થોડા સમય પછી તેમના નિવાસસ્થાનેથી નીકળી ગયા

નવી દિલ્હી, તા.૪

અંબાણી પરિવારમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી શરૂ થઈ ગઈ છે. દરમિયાન, એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણી ગુરુવારે દિલ્હી પહોંચ્યા અને રાહુલ ગાંધીને તેમના નિવાસસ્થાને મળ્યા અને થોડા સમય પછી તેમના નિવાસસ્થાન ૧૦ જનપથથી નીકળી ગયા. એવું માનવામાં આવે છે કે મુકેશ અંબાણી તેમના પુત્રના લગ્નનું કાર્ડ આપવા માટે રાહુલ ગાંધીના ઘરે પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે ૧૨ જુલાઈના રોજ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન થવા જઈ રહ્યા છે. મુકેશ અંબાણીના મુંબઈ સ્થિત ઘર એન્ટિલિયામાં બુધવારથી લગ્નની વિધિઓ શરૂ થઈ ગઈ છે.

ભારત અને વિદેશમાંથી પણ મહેમાનો આવતા રહે છે. માનવામાં આવી રહ્યું છે કે આ જોતા મુકેશ અંબાણી રાહુલ ગાંધીને લગ્નનું કાર્ડ આપવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન માટે કાર્ડ વિતરણની પ્રક્રિયા ચાલુ છે. અહેવાલો અનુસાર, પુત્ર અનંતના લગ્નનું આમંત્રણ આપવા માટે મુકેશ અંબાણી અચાનક સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના ઘરે પહોંચી ગયા હતા, હવે ૧૨મી જુલાઈએ લગ્ન, ૧૩મી જુલાઈએ આશીર્વાદ સમારોહ અને ૧૪મી જુલાઈએ રિસેપ્શન યોજાશે. આ લગ્નમાં બોલિવૂડ સ્ટાર્સ ઉપરાંત સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતના મોટા નામો પણ હાજરી આપશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ લગ્નમાં ઘણા આંતરરાષ્ટ્રીય કલાકારો પરફોર્મ કરવાના છે. અંબાણી પરિવારની મેનેજમેન્ટ ટીમ તેમની સાથે વાતચીત કરી રહી છે.

મહત્વનું છે કે મુકેશ અંબાણીના ઘરે શહેનાઈ વગવાની તારીખ ખૂબ જ નજીક છે. અગાઉ, ૧ થી ૩ માર્ચ દરમિયાન ગુજરાતના જામનગરમાં આયોજિત અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટ પ્રિ-વેડિંગ સેલિબ્રેશન સમગ્ર વિશ્વમાં ચર્ચામાં હતું. ફેસબુકના માર્ક ઝકરબર્ગથી લઈને માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ સુધી બધાએ તેમાં ભાગ લીધો હતો. ગ્લોબલ સ્ટાર રિહાન્નાએ પણ પરફોર્મન્સ આપ્યું હતું. આ વખતે પણ મુંબઈમાં અંબાણી પરિવારના લગ્ન સમારોહમાં સ્ટાર્સનો જમાવડો જોવા મળવાનો છે. સમાચાર છે કે હોલીવુડ સિંગર જસ્ટિન બીબર ભારત પહોંચી ગયો છે અને આ કપલના વેડિંગ ફંક્શનમાં પરફોર્મ કરશે.

### રાજકોટ, ગાંધીનગર અને અમદાવાદમાં યલો એલર્ટ

# બનાસકાંઠા, સુરત, તાપીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

## ઉત્તર ગુજરાતના જિલ્લામાં અત્યંત ભારે વરસાદની શક્યતા છે તે સિવાય જ રેડ એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે

અમદાવાદ,તા.૪

આગામી પાંચ દિવસને લઈને હવામાન વિભાગે રાજ્યમાં વરસાદની આગાહી દર્શાવી છે. રાજ્યના દક્ષિણ ભાગમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું હોવાથી તથા દક્ષિણ ગુજરાતમાં એક ઓફશોર ટ્રફ સર્જાયો હોવાથી આજે દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તથા ઉત્તર ગુજરાતના જિલ્લામાં અત્યંત ભારે વરસાદની શક્યતા છે. તે સિવાય જ રેડ એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના અન્ય જિલ્લાઓમાં ઓરેન્જ તો ક્યાંક યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. આજે અમદાવાદ શહેરમાં પણ ભારે વરસાદની આગાહી છે. ત્યારે ૭ જુલાઈએ અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાશે. જેમાં વરસાદની શક્યતા છે.ભારે ઉકળાટનો અનુભવ કર્યા બાદ શહેરજનોને રાત્રે પણ વરસાદી ઠંડક પ્રાપ્ત થઈ નહોતી જ્યારે આજે ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. સવારથી જ અમદાવાદના આકાશમાં વાદળો બંધાયા છે અને ભારે ઉકળાટનો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે.

૭ જુલાઈના રોજ અષાઢી બીજના દિવસે અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ શહેરોમાં નાની-મોટી રથયાત્રાનું આયોજન થવા જઈ રહ્યું છે. ત્યારે અમદાવાદ શહેરમાં દેશની બીજા નંબરની સૌથી મોટી રથયાત્રાનું આયોજન થશે. ત્યારે જગતના નાથ પોતાના ભાઈ અને બહેન સાથે નગરચર્યાએ નીકળવા જઈ રહ્યા છે તે દિવસે વર્ષોની પરંપરા મુજબ અમી છાંટણા થતા હોય છે. ત્યારે આ વર્ષે પણ જગતના નાથને વરસાદ ભીંજવે તેવી શક્યતા છે. કારણ કે, ૭ જુલાઈના રોજ હવામાન વિભાગે અમદાવાદ શહેર માટે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ઉપરાંત આજે અને આવતીકાલે સમગ્ર ગુજરાત રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

### અગ્નિકાંડની ઘટનામાં રોજ નીતનવા ખૂલાસા

# રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ મીડિયા માટે ક્રાઈમબ્રાંચની કચેરીમાં પ્રવેશબંધી

## આ અગ્નિકાંડમાં ૪ જેટલા પોલીસકર્મીઓને પણ ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે હવે રાજકોટ પોલીસ કમિશનર દ્વારા વધુ એક તઘલખી નિર્ણય કરાયો

રાજકોટ,તા.૪

રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ મીડિયા માટે ક્રાઈમબ્રાંચની કચેરીમાં પ્રવેશબંધી કરવામાં આવી હતી. હાલ રાજકોટ અગ્નિકાંડની ઘટનાને એક મહિના ઉપર થયુ છે, હજુ આ ઘટનાની તપાસ પૂર્ણ થઈ નથી અને આ અગ્નિકાંડમાં ૪ જેટલા પોલીસ કર્મીઓને પણ ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે હવે રાજકોટ પોલીસ કમિશનર દ્વારા વધુ એક તઘલખી નિર્ણય કરાયો છે. રાજકોટની પોલીસ કમિશનર કચેરીમાં મીડિયા માટે પ્રવેશબંધી કરવામાં આવી છે. આ પહેલા ક્રાઈમબ્રાંચની કચેરીમાં મીડિયાના પ્રવેશ પર રોક લગાવાઈ હતી. પોલીસ દ્વારા વ્યવસ્થાના ભાગરૂપે આ નિર્ણય લેવાયો હોવાનું જણાવાઈ રહ્યુ છે ત્યારે સવાલ એ પણ ઉઠી રહ્યા છે કે શું પોલીસ અગ્નિકાંડના ગોડફાધરોને છાવરવા માટે આ પ્રકારના નિયમો બનાવી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા પણ અગાઉ આરોપ લગાવવામાં આવ્યો હતો કે જેલમાં સાગઠિયાને મળવા માટે પૂર્વ ધારાસભ્ય ગયા હતા અને સાગઠિયાને ફોડવા માટેનો પ્રયાસ થયો હતો. આ જે પણ આ કેસમાં રજૂઆત કરવા માટે કોંગ્રેસનું ડેલિગેશન પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યુ હતુ. કોંગ્રેસના વશરામ સાગઠિયાનો આરોપ છે કે તેમને સાંભળવામાં આવ્યા ન હતા અને પોલીસ ભાજપના પીઠુઓની જેમ આપખુદ વર્તન કરી રહી છે. કોંગ્રેસનો પણ આરોપ છે કે એક માત્ર પૂર્વ TPO સાગઠિયાને પકડીને તેની આસપાસ જ તપાસ કરવામાં આવી રહી છે અને મોટા મગરમચ્છોને પોલીસ છાવરી રહી છે. ત્યારે હાલ મીડિયા પ્રવેશબંધી કરાતા પોલીસના વર્તન સામે પણ શંકા ઉપજી રહી છે. હાલ પોલીસ જે પ્રકારે વ્યવસ્થાના નામે મીડિયાને રોકી રહી છે ત્યારે સવાલ એ પણ ઉઠી રહ્યા છે કે પોલીસના નાકની નીચે આખેઆખો ગેમઝોન ત્રણ ત્રણ વર્ષથી ગેરકાયદે ફાયર ર્દ્રઝ કે અન્ય કોઈપણ મંજૂરી વિના ધમધમી રહ્યો હતો. ત્યારે પોલીસ શું કરી રહી હતી. જો પોલીસે એ સમયે સતર્કતા દાખવી કાર્યવાહી કરી હોત તો આજે અગ્નિકાંડ જેવી સમગ્ર ગુજરાતને કલંકિત કરતી દુર્ઘટના ન સર્જાઈ હોત. હાલ ચોથી જાગીર ગણાતા મીડિયાકર્મીઓને રોકીને પોલીસ શું છુપાવવા માગે છે? હવે જોવાનું એ પણ રહેશે કે આ સમગ્ર કેસમાં પોલીસ ભીનું સંકેલી લે છે કે સાગઠિયાના ગોડફાધરોને પકડી તેની સામે કાર્યવાહી કરે છે.

### બે વર્ષથી બાળકો ખુલ્લી લોબીમાં બેસી કરે છે અભ્યાસ

# સ્માર્ટ સ્કૂલોના દાવા વચ્ચે રાજકોટની કસ્તુરબાધામ સરકારી શાળાની દયનીય હાલત

## ગમે તેવો તાપ હોય, ઠંડી હોય કે વરસાદ હોય વિદ્યાર્થીઓને આ જ પ્રકારે ખુલ્લી લોબીમાં બેસીને ભણવુ પડે છે

રાજકોટ,તા.૪

રાજકોટના ત્રંબામાં આવેલી કસ્તુરબાધામ શાળાના બાળકો ભરચોમાસે ખુલ્લી લોબીમાં બેસવા માટે મજબુર બન્યા છે. છેલ્લા બે વર્ષથી શાળાના બાળકો લોબીમાં બેસી રહ્યા છે. કસ્તુરબાધામની કુમારશાળાનું બિલ્ડીંગ બે વર્ષ પહેલા જ જર્જરીત થતા પાડી દેવામાં આવ્યુ છે અને વિદ્યાર્થીઓને કન્યાશાળામાં શિફ્ટ કરવામાં આવ્યા છે.એકતરફ રાજ્યમાં નવી સ્માર્ટ સ્કૂલો બનાવવાના મોટા મોટા દાવા કરાઈ રહ્યા છે. જેની સામે વરવી હકીકત એ છે કે બે- બે વર્ષથી શાળાના વિદ્યાર્થીઓ ખુલ્લી લોબીમાં બેસી ભણવા મજબુર બન્યા છે. ગમે તેવો તાપ હોય, ઠંડી હોય કે વરસાદ હોય વિદ્યાર્થીઓને આ જ પ્રકારે ખુલ્લી લોબીમાં બેસીને ભણવુ પડે છે. આ વાત છે રાજકોટના રાજકોટના ત્રંબામાં આવેલી કસ્તુરબાધામ સરકારી શાળાની.અહીં ભણતા વિદ્યાર્થીઓએ ચોમાસામાં સ્કૂલની બહાર મેદાનમાં કે લોબીમાં બેસીને ભણવુ પડી રહ્યું છે. જેનું કારણ છે ૨ વર્ષ પહેલા જર્જરિત શાળાને તોડી પાડવામાં આવી પરંતુ ૨ વર્ષ બાદ પણ આ બિલ્ડીંગ ન બનતા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કસ્તુરબા કુમાર શાળાને તોડી પાડ્યા બાદ વિદ્યાર્થીઓને કન્યા શાળામાં શિફ્ટ કરવામાં આવ્યા હતા પણ કન્યા શાળામાં પણ માત્ર ૨ જ વર્ગ ખંડ હોવાના કારણે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

સ્માર્ટ સ્કૂલોના દાવા વચ્ચે સ્કૂલનું મકાન પણ નથી મળતુ.

૨ પાળીમાં શાળા ચાલે છે પરંતુ ૧થી ૮માં જ ૨૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેના કારણે વિદ્યાર્થીનો મેદાનમાં બેસી ભણવાનો વારો આવ્યો છે. નીશીત ખૂંટે રાજકોટ જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી ડૉ. નવનાથ ગવ્હાણે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલને આપેલા આવેદનમાં જણાવ્યું હતું કે કસ્તુરબા ધામ તાલુકા શાળામાં ધો. ૧ થી ૮ અને બાલવાટિકા સહિત ૨૪૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.અહીં મુખ્ય શિક્ષક સહિત કામ કરતા શિક્ષકોની સંખ્યા ૧૯ છે. માર્ચ – ૨૦૨૨ થી શાળા ૨ વર્ગમાં ૨ પાળીમાં ચાલે છે. વારંવાર ગ્રામજનો દ્વારા રજુઆત છતા આજદિન સુધી કોઈ નિરાકરણ આવ્યુ નથી. તાલુકા પંચાયતના સભ્ય નિશિત ખૂંટે અનેક વખત રજૂઆત કરી હોવા છતા સ્થિતિ ઠેરની ઠેર છે, ત્યારે સવાલ એ છે કે એકતરફ રાજ્ય સરકાર દ્નારા સ્માર્ટ સ્કૂલો બનાવવાના દાવા કરાઈ રહ્યા છે તો શું આ છે સ્માર્ટ શાળા!

### સંજીવ મુખિયા ગેંગ સાથે કનેક્શન જાણો

# ધનબાદમાંથી ધરપકડ કરાયેલ અમન સિંહની શું ભૂમિકા છે?

## NEET પેપર લીકનો મુદ્દો છેલ્લા ઘણા દિવસોથી હેડલાઇન્સમાં છે અને તપાસમાં નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે

નવી દિલ્હી, તા.૪

NEET પેપર લીકનો મુદ્દો છેલ્લા ઘણા દિવસોથી હેડલાઈન્સમાં છે અને તપાસમાં નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. આ કેસની તપાસ કરી રહેલી એજન્સી CBIને વધુ એક સફળતા મળી છે. સંજીવ મુખિયાના નજીકના ચિન્ટુ અને મુકેશ પાસેથી માહિતી મળ્યા બાદ સીબીઆઈએ આરોપી અમન સિંહની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. અમનની ઝારખંડના ધનબાદથી ધરપકડ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અમન સિંહ પેપર લીક કેસમાં ફરાર રોકીનો ખૂબ જ નજીક છે અને રોકી રાંચીમાં હોટલ બિઝનેસ સાથે સંકળાયેલા સંજીવ મુખિયાનો ભત્રીજો છે.NEET પેપર લીક થયા પછી, રોકીએ તેના જવાબો તૈયાર કરવા માટે સોલ્વરોનું આયોજન કર્યુ હતું. રોકી ઝારખંડમાં સંજીવ મુખિયા ગેંગની ખાસ સંપત્તિ છે. રાંચી અને પટનાના એમબીબીએસ વિદ્યાથીઓને સોલ્વર તરીકે ઉપયોગમાં લેવાતા હતા. મળતી માહિતી મુજબ અમન સિંહની ધરપકડથી રોકી અને સોલ્વર્સ વિશે મહત્વની માહિતી મળી શકે છે.આ સિવાય સીબીઆઈ અમન સિંહની સંજીવ મુખિયાના હાલના લોકેશન વિશે પૂછપરછ કરશે. તેને પૂછપરછ માટે પટના લાવવામાં આવી શકે છે. તમને જણાવી દઈએ કે આ કેસમાં સીબીઆઈ દ્વારા લેવામાં આવેલા આરોપીઓના રિમાન્ડની મુદત આજે 4 જુલાઈએ પૂરી થઈ રહી છે.NEET પેપર લીક કેસ, પરીક્ષા રદ કરવાની માંગ અને અનિયમિતતા વગેરે સંબંધિત અરજીઓની સુનાવણી 8મી જુલાઈએ સુપ્રીમ કોર્ટમાં થવાની છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની વિનંતી બાદ સુપ્રીમ કોર્ટ NEET કેસની તમામ અરજીઓને એકસાથે જોડીને આગળનો રસ્તો નક્કી કરશે. દેશના લાખો NEET ઉમેદવારો, માતા-પિતા અને કોચિંગ શિક્ષકોની નજર આ સુનાવણી પર છે. સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસની આગેવાની હેઠળની બેંચમાં સીજેઆઈની સાથે જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાનો સમાવેશ થાય છે.એજન્ડા મુજબ, NEET મુદ્દે 26 અરજીઓ છે. જો કે, આ અરજીઓમાં કેટલીક પૂરક અરજીઓ પણ છે. નિયમિત કારણ સૂચિ મુજબ, અત્યાર સુધી કુલ 26 અરજીઓમાંથી, 21 અરજીઓ NTA અને ભારત સરકારના વિરોધમાં છે. જ્યારે 5 ટ્રાન્સફર પિટિશન છે. જો કે, 7 જુલાઈએ જાહેર થનારી પૂરક યાદીમાં કેટલીક વધુ અરજીઓ ઉમેરવામાં આવી શકે છે. કારણ યાદીમાં પ્રથમ અરજી વંશિકા યાદવની છે. તેમાં 5 મેના રોજ યોજાયેલી 24 લાખથી વધુ ઉમેદવારોની પરીક્ષામાં ગેરરીતિનો આક્ષેપ કરતી અરજીઓ સાથે તેને નવેસરથી આયોજિત કરવાની વિનંતીનો સમાવેશ થાય છે.લગભગ અઢી મહિનાના ઉનાળુ વેકેશન બાદ 8મી જુલાઈથી સુપ્રીમ કોર્ટમાં સામાન્ય કામકાજ ફરી શરૂ થશે. આ સમયગાળા દરમિયાન, ઘણા વિદ્યાથીઓ અને કોચિંગ સંસ્થાઓએ NEET UG પરિણામ 2024 સામે અરજી કરી છે. આમાંની કેટલીક અરજીઓમાં, અરજદારોએ પેપર લીકનો આક્ષેપ કર્યો છે જ્યારે કેટલાકે સમગ્ર પરીક્ષા રદ કરવા અને મેડિકલ પ્રવેશ પરીક્ષા ફરીથી યોજવાની વિનંતી કરી છે. કેટલાકે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની કામગીરીની તપાસની માંગ કરી છે. આના કરતાં ઘણું બધું છે.

એક તરફ, કોર્ટમાં NEET UG કેસ પર વિગતવાર સુનાવણી થવાની છે, તો બીજી તરફ, સુપ્રીમ કોર્ટે પણ NEET UG કાઉન્સેલિંગ પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કરી દીધો છે.

### સ્પીકર ઓમ બિરલાએ શપથ ગ્રહણના નિયમોમાં ફેરફાર કર્યો

# ‘સાંસદ હવે જય પેલેસ્ટાઈન... જય હિન્દુ રાષ્ટ્ર’ જેવા નારા લગાવી શકશે નહીં

## સ્પીકરે નિયમ ૩૮૯માં સુધારો કર્યો છે, જે મુજબ હવે કોઈપણ સાંસદ શપથના ડ્રાફ્ટ સિવાય કંઈ કહી શકશે નહીં

નવી દિલ્હી, તા.૪

તાજેતરમાં ૧૮મી લોકસભામાં ચૂંટાયેલા કેટલાક સાંસદોએ શપથ લેતી વખતે ‘જય પેલેસ્ટાઈન’, ‘જય હિન્દુ રાષ્ટ્ર’ જેવા નારા લગાવ્યા હોવાના વિવાદને પગલે, શપથ ગ્રહણ પ્રક્રિયા અંગે એક મહત્વપૂર્ણ સુધારો રજૂ કરવામાં આવ્યો છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ગૃહના કામકાજને લગતી કેટલીક બાબતોનું નિયમન કરવા માટે ‘ઈન્સ્ટ્રક્શન્સ ટુ ધ સ્પીકર’માં ‘સૂચનો-૧’માં એક નવો વિભાગ ઉમેર્યો છે, જે અગાઉ નિયમોનો ભાગ ન હતો.સ્પીકરે નિયમ ૩૮૯માં સુધારો કર્યો છે, જે મુજબ હવે કોઈપણ સાંસદ શપથના ડ્રાફ્ટ સિવાય કંઈ કહી શકશે નહીં. કોઈ અન્ય કોઈ ટિપ્પણી અથવા સૂત્રોચ્ચાર કરી શકશે નહીં. જો કોઈ સભ્ય શપથના ફોર્મેટથી અલગ એક પણ શબ્દ બોલે તો લોકસભાના અધ્યક્ષ તેમની સામે પગલાં લેવાનો અધિકાર અનામત રાખશે. લોકસભામાં કાર્યપ્રણાલી અને કારોબારના નિયમોના નિયમ ૩૮૯ અનુસાર, અધ્યક્ષે સૂચનાઓમાં નીચેનો સુધારો કર્યો છે...નવા નિયમ મુજબ, ‘સંસદના સભ્યો ભારતના બંધારણની ત્રીજી અનુસૂચિમાં નિર્ધારિત શપથના ફોર્મેટ અનુસાર શપથ અથવા પ્રતિજ્ઞા પર હસ્તાક્ષર કરશે અને હસ્તાક્ષર કરશે. આ સિવાય શપથ લેતી વખતે તેઓ કોઈપણ શબ્દ કે અભિવ્યક્તિનો ઉપયોગ કરશે નહીં કે કોઈ ટિપ્પણી કરશે નહીં.તમને જણાવી દઈએ કે હાલમાં જ જ્યારે ૧૮મી લોકસભાના નવા ચૂંટાયેલા સભ્યો શપથ લઈ રહ્યા હતા ત્યારે તેમાંથી કેટલાકે શપથ લીધા બાદ તેમના વતી સૂત્રોચ્ચાર કર્યા હતા. હૈદરાબાદના સાંસદ અને AIMIMના વડા અસદુદીન ઓવૈસીએ શપથ લીધા બાદ ‘જય ભીમ, જય મીમ, જય પેલેસ્ટાઈન’ના નારા લગાવ્યા હતા. આ પછી સાંસદોએ શપથ લીધા બાદ સૂત્રોચ્ચારનો સિલસિલો શરૂ થયો હતો.

બરેલીના બીજેપી સાંસદ છત્રપાલ ગંગવારે શપથ લીધા બાદ ‘જય હિન્દુ રાષ્ટ્ર’ના નારા લગાવ્યા હતા. ગાઝિયાબાદના બીજેપી સાંસદ અતુલ ગર્ગે ઓવૈસીના ‘જય પેલેસ્ટાઈન’ના જવાબમાં ‘અટલ બિહારી વાજપેયી ઝિંદાબાદ... નરેન્દ્ર મોદી ઝિંદાબાદ...’ના નારા લગાવ્યા.જ્યારે વિપક્ષી સાંસદોએ આ અંગે વાંધો ઉઠાવ્યો તો તેઓએ એક ડગલું આગળ વધીને ‘ડૉક્ટર હેડગેવાર ઝિંદાબાદ’ના નારા લગાવ્યા. તમને જણાવી દઈએ કે ડો. કેશવ બલીરામ હેડગેવાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક હતા. સ્પીકર ઓમ બિરલાએ સાંસદોની આ વર્તણૂક પર નારાજગી વ્યક્ત કરી હતી અને સાથે જ તેમણે સંકેત આપ્યા હતા કે આવી કાર્યવાહી રોકવા માટે કડક પગલાં લેવામાં આવશે. નિયમ ૩૮૯માં ફેરફારનો હેતુ શપથ લેવાની પ્રક્રિયાની પવિત્રતા જાળવવાનો છે.

### ભારતને શોક સંદેશ મોકલ્યો

# પુતિન અને જાપાનના પીએમ કિશિદાએ હાથરસ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો

## મંગળવારે હાથરસમાં બાબાના સત્સંગમાં નાસભાગ મચી ગઈ હતી અને ૧૨૧ લોકોના મોત થયા હતા

ઉત્તર પ્રદેશ, તા.૪

ઉત્તર પ્રદેશના હાથરસમાં મંગળવારે એક સત્સંગમાં ભાગદોડ મચી જવાથી ૧૨૧ લોકોના મોત થયા હતા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. જાપાનના વડાપ્રધાને પણ હાથરસની ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.ભારતમાં રશિયન દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, ‘રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ઉત્તર પ્રદેશમાં નાસભાગની ઘટના પર ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શોક સંદેશ મોકલ્યો છે.’ જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદાએ પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.મંગળવારે હાથરસમાં બાબાના સત્સંગમાં નાસભાગ મચી ગઈ હતી અને ૧૨૧ લોકોના મોત થયા હતા. સત્સંગના આયોજકથી માંડીને વહીવટીતંત્ર કડાકામાં ઊભું છે. ઘટનાના ૨૪ કલાક બાદ પણ આરોપીઓ ફરાર છે. બાબા નારાયણ સાકર હરિ ઉર્ફે ભોલે બાબા પોતે ગાયબ છે.બાબા વિશે કોઈને કોઈ સમાચાર નથી. આયોજક સમિતિના મુખ્ય સેવક અને પ્રભારી દેવ પ્રકાશના મધુકર પણ હજુ સુધી પોલીસના હાથે ઝડપાયા નથી. પોલીસ એફઆઈઆરમાં દેવ પ્રકાશને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યો છે.આ ઘટના સિકંદરરૌ વિસ્તારના ફૂલરાઈ ગામમાં બની હતી. અહીં માનવ મંગલ મિલન સદભાવના સમિતિએ ૧૫૦ વીઘાના ખુલ્લા મેદાનમાં સત્સંગનું આયોજન કર્યું હતું. પોલીસ એફઆઈઆર મુજબ, કાર્યક્રમમાં ૮૦ હજાર લોકોની હાજરી માટે પરવાનગી લેવામાં આવી હતી અને ત્રણ ગણી વધુ એટલે કે ૨.૫ લાખ લોકોની ભીડ એકઠી થઈ હતી. વ્યવસ્થા પણ બાબાના સેવકો અને આયોજક સમિતિ સાથે સંકળાયેલા લોકોએ સંભાળી હતી.સ્થળ પર માત્ર ૪૦ પોલીસ કર્મચારીઓ હાજર હતા. માર્યા ગયેલા લોકો ધાર્મિક ઉપદેશક ભોલે બાબાના ‘સત્સંગ’માં હાજરી આપવા આવ્યા હતા. હાલમાં, સરકારી હોસ્પિટલની અંદર બરફના ટુકડા પર મૃતદેહો પડેલા છે અને પીડિતોના સંબંધીઓ રડતા જોવા મળે છે.

# બચ્ચન પાસેથી શીખો કસરતમાં બહાના ન ચાલે

## અમે સવારે ૬ વાગ્યે શરૂ કરતા અને તેઓ લગભગ ક્યારેય મોડા પડતા નહોતા :શિવોહમ અને વૃંદા

મુંબઈ, તા.૪

સેલેબ્રિટી વેલનેસ ટ્રેઈનર્સ શિવોહમ અને વૃંદાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં અમિતાભ બચ્ચન અને રણબીર કપૂર જેવા સ્ટાર્સ સાથે કામ કરવાના અનુભવો જણાવ્યા હતા અને કહ્યું હતું કે તેમનામાં એવી કઈ બાબતો છે જે તેમને ખાસ બનાવે છે. એક ઈન્ટરવ્યૂમાં શિવોહમ અને વૃંદાએ, આ ઉંમરે પણ અમિતાભ બચ્ચનનું ડેડિકેશન અને તેમના શરીર અને મન દ્વારા હંમેશા સાચું જ થાય અને તેઓ તેમની પાસેથી શું શીખ્યા તેની વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે અમિતાભ બચ્ચન જરાક પણ મોડા પડે તો પહેલાં જ માફી માગી લે છે. વૃંદા અને શિવોહમે કહ્યું,“અમિતાભ એક કારણ માટે આદર્શ ગણાય છે. જો તેમના જેવો સતત વ્યસ્ત રહેતો માણસ પણ કસરત માટે દરરોજ સમય કાઢી શકે તો કોઈને પણ બહાના કાઢવાનો અધિકાર નથી.” વૃંદા દાયકાઓથી અમિતાભ બચ્ચન સાથે કામ કરે છે. “વિચારધારા વાત છે, કે જ્યારે તમને ખબર છે કે તમારા માટે કંઈક સારું છે, તો તમારે કરવું જ જોઈએ. તેમાં અનૂકૂળતા, સમય ન હોવાનું બહાનું ન ચાલે. જો મિસ્ટર બચ્ચન કસરત માટે સમય કાઢી શકે તો બીજા સામાન્ય લોકો પણ કરી જ શકે.” આગળ તેણે કહ્યું,“મારા અમિતજી સાથેના સેશન મોટા ભાગે શ્વાસ પર કામ કરવા માટે જ હોય છે. અમે પ્રાથમિક શ્વાસોચ્છવાસની કસરતોથી શરૂ કરીએ છીએ અને પછી પ્રાણાયામ અને પ્રાથમિક યોગાસનો તરફ આગળ વધીએ છીએ. તે આ બધાના બાપ છે. તેમની પાસેથી શિસ્ત અને સમય પાલન શીખવા જેવા છે. તેઓ સમય પાલનમાં અતિશય ચોક્કસ છે. શરૂઆતમાં જ્યારે હું તેમની ટ્રેઈનિંગ કરતી તો, અમે સવારે ૬ વાગ્યે શરૂ કરતા અને તેઓ લગભગ ક્યારેય મોડા પડતા નહોતા. જો ક્યારેય જરાક પણ મોડું થાય, તો તેઓ મને કોલ કરીને કહેતાં, “મારે મોડું થશે, મને માફ કરજો.” તેમને પાંચ-સાત મિનિટ મોડું થાય એમાં માફી માગવાની કોઈ જરૂર નથી..આપણે એ એમ જ જવા દેતાં હોઈએ છીએ, પણ મેં તેમની પાસેથી સમયની કિંમત કરતાં શીખ્યું છે.”

### રોડ-બ્રિજ ધરાશાયી, હોસ્પિટલમાં પાણી ભરાયા...

# ચોમાસાના ઉગ્ર સ્વરૂપે બિહાર-હિમાચલ અને ગુજરાતમાં હાહાકાર મચાવ્યો

## ગુજરાતના જૂનાગઢમાં ૧ જુલાઈના રોજ થયેલા ભારે વરસાદને કારણે માંગરોળ અને કેશોદના ૧૦૭ ગામોમાં પાણી ભરાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૪

ભારતના અનેક રાજ્યોમાં ચોમાસાનું વિકરાળ સ્વરૂપ દેખાવા લાગ્યું છે. ભારે વરસાદને કારણે કેટલીક જગ્યાએ રસ્તાઓ ધોવાઈ રહ્યા છે અને એક પછી એક પુલ તૂટી રહ્યા છે. સર્વત્ર પાણી ભરાઈ ગયા છે અને સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બિહાર-હિમાચલ પ્રદેશથી લઈને ગુજરાત સુધી તબાહીનું દ્રશ્ય દેખાઈ રહ્યું છે.ગુજરાતના જૂનાગઢમાં ૧લી જુલાઈના રોજ પડેલા ભારે વરસાદને કારણે માંગરોળ અને કેશોદના ૧૦૭ ગામડાંઓ વિક્ષેપિત થયા હતા. હાલમાં વરસાદ બંધ થયો છે છતાં અહીં ઘૂંટણ ઊંડે પાણી છે. વાસ્તવમાં, ઓઝહત નદીનું પાણી સમગ્ર વિસ્તારમાં ફેલાય છે, જેનાથી એવું લાગે છે કે જાણે સમુદ્ર જ અહીં પહોંચી ગયો છે. સુરતના બલેશ્વર ગામની હાલત પણ દયનીય છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી અહીં જળબંબાકારના કારણે આજુબાજુનું ગામ દરિયામાં ટાપુ જેવું લાગે છે.ગ્રામજનો કહે છે કે ખાડીમાં દર વર્ષે વરસાદી પાણી ભરાય છે તેમ છતાં પલસાણા વિસ્તારમાં ઔદ્યોગિક એકમોએ ખાડી વચ્ચે દિવાલ બનાવી છે, જેના કારણે ખાડીનો પ્રવાહ ઓછો થયો છે અને ખાડીમાં આવતું પાણી ઝડપથી બહાર નીકળી શકતું નથી. થતો હતો. ગામની આ હાલત માટે ઉદ્યોગપતિઓ જવાબદાર છે. ગામના કેટલાક લોકો તેમના ઘરની ચારે બાજુ પાણી ભરાઈને રહેવા મજબૂર છે. તે મકાનોમાં રહેતા વૃદ્ધોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઘરોમાં રહેતા યુવાનો ઘરોમાં જ રહે છે અને જરૂર પડે ત્યારે પાણીમાંથી પસાર થાય છે.આ સાથે જ સુરત શહેરથી બારડોલી તરફ જતા હાઈવે પર દાસ્તાન રેલ્વે ક્રોસિંગ પર છેલ્લા ૧૦ વર્ષમાં સરકાર દ્વારા ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો હતો. તે ઓવરબ્રિજનું ઉદ્ઘાટન ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા જ કરવામાં આવ્યું હતું. ઓવરબ્રીજ પરનો રોડ એક જગ્યાએ ખાડા પડી ગયાને હજુ થોડા મહિનાઓ જ થયા છે અને રોડ પર તિરાડો જોવા મળી રહી છે જે સ્પષ્ટ દર્શાવે છે કે બ્રિજના બાંધકામમાં કોન્ટ્રાક્ટર દ્વારા ક્યાંક ને ક્યાંક ભ્રષ્ટાચાર થયો છે.સુરતના સણીયા હેમાડ ગામમાં આવેલ ખોડિયાર માતાનું મંદિર પણ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. ગામમાં પ્લેટફોર્મ પર બેસવાની જગ્યા પણ પાણીથી ભરાઈ ગઈ છે. સાણીયા હેમદ ગામમાં વરસાદી પાણીના કારણે દર વર્ષે આ પ્રકારની સમસ્યા સર્જાય છે પરંતુ વહીવટીતંત્ર આ સમસ્યાના નિરાકરણ માટે ક્યારેય કંઈ ઓછું કરતું નથી. આ જ કારણ છે કે દર વર્ષે લોકોને વરસાદની મોસમમાં પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરવો પડે છે.રાજસ્થાનમાં પણ આવી જ સ્થિતિ છે.

જયપુરમાં પ્રથમ વરસાદને કારણે રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે. પાણી ભરાવાને કારણે અનેક વાહનો ફસાયા છે. સાથે જ શહેરની અનેક કચ્છ વસાહતોમાં પાણી ભરાઈ ગયા છે. સિવિલ ડિફેન્સની રેસ્ક્યુ ટીમ અહીં એલર્ટ પર છે.તે જ સમયે, અલવરના બાલા કિલા વિસ્તારમાં હાથી કુંડ પર એક મજબૂત ધોધ વહી રહ્યો છે. આ ઝરણામાં પ્રથમ વખત પાણી આવ્યું છે. ધોધ જોવા માટે લોકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. બીજી તરફ મુંબઈ હજુ પણ વરસાદની રાહત માટે આતુર છે.

### પાવડો ચલાવ્યો, દીવાલ બનાવવામાં કરી મદદ

# અચાનક શ્રમિકો વચ્ચે પહોંચ્યા રાહુલ ગાંધી

## કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શ્રમિકોની સમસ્યાઓ સાંભળવાની સાથે તેમની સાથે કામ પણ કર્યું હતું

નવી દિલ્હી, તા.૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે અચાનક નવી દિલ્હીના જીટીબીનગર પહોંચી રેંકડી-લારી પર છુટક મજૂરી કરનારા શ્રમિકોની મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે શ્રમિકોની સમસ્યાઓ સાંભળવાની સાથે તેમની સાથે કામ પણ કર્યું હતું. કોંગ્રેસે સોશિયલ મીડિયા પર રાહુલની મુલાકાતની માહિતી અને તસવીરો શેર કરી છે. રાહુલ ગાંધી સાથે શ્રમિકોની તસવીરોમાં જોવા મળી રહ્યું છે કે, તેઓ લેબર ચોક અને એક કન્સ્ટ્રક્શન સાઈટ પર કેટલાક શ્રમિકો સાથે વાતચીત કરી તેમની સમસ્યા સાંભળી રહ્યા છે. જ્યારે બીજી તસવીરમાં રાહુલ શ્રમિકો સાથે પાવડાથી સિમેન્ટ મિલાવતા અને દીવાલ બનાવવામાં મદદ કરતા જોવા મળી રહ્યા છે. કોંગ્રેસે રાહુલ ગાંધીની તસવીરો શેર કરીને લખ્યું છે કે, ‘વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે જીટીબીનગરમાં શ્રમિકો સાથે મુલાકાત કરી, તેમની સમસ્યાઓ સાંભળી. આ મહેનતુ શ્રમિકો ભારતની અર્થવ્યવસ્થાના કરોડરજ્જુ છે. તેમના જીવનને સરળ અને સુરક્ષિત કરવાની અમારી જવાબદારી છે.’

# ગાંધીનગરનાં મહાત્મા મંદિર ખાતે ''સહકાર સે સમૃધ્ધિ''કાર્યક્રમ યોજાશે : દિલીપ સંઘાણી













૧૦૨મા 'આંતરાષ્ટ્રીય સહકારિતા દિવસ'નિમિતે આગામી તા.૬ જુલાઈનાં રોજ દેશમાં પ્રથમવાર ગુજરાતમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાને 'સહકાર સે સમૃધ્ધિ' કાર્યક્રમ યોજાશે તેમ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતીમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યુ હતુ. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં તા.૬ જુલાઈના રોજ સવારે ૧૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાનાર 'સહકાર સે સમૃધ્ધિ' કાર્યક્રમની તૈયારીઓનુ નિરક્ષણ કરીને આજે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેંકનાં ચેરમેન અજય પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી સહકાર એ સમૃધ્ધિની કાર્યક્રમની વધુ વિગતો આપતા કહ્યુ હતુ કે, સહકારથી સમૃધ્ધિ તેમજ આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ત્રણ વર્ષ પહેલા દેશમાં પ્રથમવાર અલગ સહકારિતા મંત્રાલયની રચના કરવામાં આવી છે. ગુજરાતના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહને આ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. દેશમાં સહકારિતા મંત્રાલયના સફળતાપૂર્વક ત્રણ વર્ષ નિમિતે ગુજરાતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય કક્ષાનો સહકાર કાર્યક્રમની ઉજવણી કરાશે. દિલીપ સંઘાણી કહ્યુ હતુ કે, કેન્દ્રીય સહકારિતા અમિતભાઈ શાહના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સહકારિતામાં એકએકરૂપતા લાવીને એકસમાન કામ કરવાની હેતુથી વિવિધ ૧૭ ભાષાઓમાં મોડેલ બાય લોઝ તૈયાર કરવામાં આવ્ફા છે. જેનો તમામ રાજયોએ સહર્ષ સ્વીકાર કર્યો છે. જેના પરિણામે દેશના તમામ રાજયો સહકારિતા ક્ષેત્રમાં નવા નવા આયમો શરૂ કરવામાં આવ્યા છે. આજે સહકારિતના અનેક ક્ષેત્રેમાં વિવિધ પ્રવૃતિઓના ભાગરૂપે દેશના યુવાનો માટે રોજગારીની તકો ઉપલબ્ધ થઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે, આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાં અંદાજે ૫,૦૦૦થી વધુ પ્રાઈમરીથી એપેક્ષબોડીના સભ્યો, ૨૦૦થી વધુ રાષ્ટ્રીયકક્ષાના સહકારના પ્રતિનિધિઓ, દુધ મંડળીઓ –સંઘો, સહકારી બેંકો, એપીએમસી સહિત વિવિધ સહકારી ક્ષેત્રો સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો સહભાગી થશે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં ખાખરિયા ગામે

બચાવ થયો હતો. ત્યાં હાજર સ્ટાફ દ્વારા સતર્કતા દાખવાથી મોટી જાનહાનિ બનતા અટકાવી હતી.

બાબરા અને તાલુકાના ગામડાઓમાં હજારોની સંખ્યામાં પવનચક્કી ઉભી કરવામાં આવી છે. અને કંપની ઘણા વર્ષોથી અનેક વીજળી ઉત્પાદનો કરી રહી છે. આ પહેલા બનાવ બન્યો કે આખી પવનચક્કી જમીનદોષ થઈ. હાલ તો કંપનીના અધિકારી દ્વારા આ બનાવની તપાસ હાથ ધરાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં હજારો ખેડૂતોએ

રહીછે. મગફળી, સોયાબીન, તલ, મગ, અડદ વગેરે પાકો ઉપરાંત શાકભાજી અને બાગાયતી પાકોની ખેતી કરવામાં આવી છે.

તેમણે કહ્યુ કે, ખેડૂતોને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના વેચાણ માટે એક પ્લેટફોર્મ મળી રહે તે માટે જિલ્લા પંચાયત, કલેકટર કચેરી ઉપરાંત સેન્ટર પોઈન્ટ સર્કલ ખાતેથી જુદી જુદી પ્રાકૃતિક ખેત પેદાશોનું વેંચાણ કરવામાં આવી રહ્યું છે. લોકો સુધી પ્રાકૃતિક ખેતી અને પેદાશોના ફાયદાઓ લોકો સુધી પહોંચે તે માટે પ્રજાલક્ષી સરકારી કાર્યક્રમોમાં પણ પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ સહ પ્રદર્શન પણ ગોઠવવામાં આવે છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને ગુજરાત રાજય સરકારની નેમ મુજબ પ્રાકૃતિક ખેતી આવશ્યક અને સમયની માંગ છે. સાથે જ જમીનની તંદુરસ્તી–ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને રોગોથી બચવા માટે પણ પ્રાકૃતિક પેદાશો મજબૂત વિકલ્પ બનીને ઉભરશે. તેમ જણાવતા નિનામાએ ઉમેર્યુ કે, પ્રાકૃતિક કૃષિને વેગ મળે તે માટે જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા સમયાંતરે તે અંગેની સમીક્ષા કરવાની સાથે જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા દ્વારા પણ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે તે માટે જરૂરી સહયોગ મળી રહ્યો છે.

આત્મા પ્રોજેકટના ડેપ્યુટી ડાયરેકટર દિલીપ ચાવડા અને અમરેલી જિલ્લાની આત્મા પ્રોજેકટની ટીમ પ્રાકૃતિક કૃષિની મુહિમને આગળ વધારવા માટે સતત કાર્યરત છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૬ | ૧૨૦૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૯૯ | ૧૨૭૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૯૪૫ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૭૦ | ૧૫૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૫૨ |
| ૬ | તલ કાળા | ૨૭૨૦ | ૩૨૬૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૦૮ | ૩૩૦૮ |
| ૮ | બાજરો | ૪૨૦ | ૪૫૨ |
| ૯ | જુવાર | ૭૧૫ | ૮૪૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૯ | ૫૯૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૬ |
| ૧૨ | મકાઈ | ૫૧૭ | ૫૩૬ |
| ૧૩ | મગ | ૧૧૨૧ | ૧૫૬૦ |
| ૧૪ | ચણા | ૧૦૯૨ | ૧૨૭૪ |
| ૧૫ | તુવેર | ૧૯૦૦ | ૧૯૨૦ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૫૨૧ |
| ૧૭ | એરંડા | ૯૫૦ | ૧૦૮૨ |
| ૧૮ | જીરૂ | ૪૪૦૦ | ૫૨૨૫ |
| ૧૯ | રાયડો | ૯૬૦ | ૯૯૫ |
| ૨૦ | રાય | ૯૫૦ | ૧૧૧૦ |
| ૨૧ | ધાણા | ૫૩૦ | ૧૩૦૦ |
| ૨૨ | મેથી | ૯૫૦ | ૧૧૩૨ |
| ૨૩ | સોયાબીન | ૮૦૮ | ૮૩૮ |
| ૨૪ | સુવાદાણા | ૧૫૯૦ | ૧૫૯૦ |

## પાના ૮ ઉપરનું ચાલું ચલાલામાં ભયજનક દીપડાને

ગત રાત્રિના ચલાલાગામ ખાતે ઈંટોના ભઠા ખાતે આવેલ વૈકલ્પિક મકાનમાં દિપડો છુપાયો હોવાનું જગ્યાના માલીક કેતનભાઈ સરવૈયાના ધ્યાને આવતા વનતંત્રને જા ણ કરવામાં આવી હતી. જેથી દિપડાને ઝડપી પાડવા તથા માનવ વસાહત પર હુમલો ન કરે તે માટે વનવિભાગની રીતના સરસીયા આર.એફ.ઓ. જયોતીબેન વાજા વેટરનરી ડોકટર દ્વારા ટ્રાકયુલાઈઝર ગનની મદદથી દિપડાને બેભાન કરી દિધા બાદ પાજરા મારફતે ધારી–સફારી પાર્ક ખાતે લાવવામાં આવ્યો હતો.

જયા આજરોજ વોરનરી ડોકટર દ્વારા દિપડાનું મેડીકલ પરિક્ષણ કરવામાં આવશે. જો કોઈ બાહય ઈજા અથાવ બિમારી ન હોય તો આ દિપડાને હડાવાના જંગલમાં આઝાદ કરવામાં આવશે. કારણ કે આ દિપડાએ કોઈ માનવ ઈજા કરેલ નહોતી. જો દિપડાએ કોઈ પર હુમલો કરેલ હોય તો તેને સકકબાગ જુ ખાતે આજીવન પાંજરે પુરવામાં આવશે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ૨૫ હજાર વૃક્ષોનાં

વધારવાનો સંકલ્પ લેતા લક્ષ્મી ડાયમંડનાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં ગજેરા ટ્રસ્ટ પણ આ અભિયાનમાં સહભાગી થવા જઈ રહ્યું છે.

અમરેલી જિલ્લાના ગ્રીન કવરને તાઉતે વાવાઝોડામાં વ્યાપક નુકશાની થઈ હતી. ત્યારબાદ સામૂહિક પ્રયાસોના ભાગરૂપે વૃક્ષારોપણની ઝુંબેશ શરૂ થઈ હતી ત્યારે નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાનું આ અભિયાન અમરેલીના સર્વાંગી વિકાસને સુદ્રઢ બનાવશે. વિકસિત ભારત, વિકસિત ગુજરાત અને વિકસિત અમરેલીના સંકલ્પમાં હરિતક્રાંતિ દ્વારા અમરેલીને હરિયાળું અને નંદનવન બનાવવા ભગીરથ પ્રયાસો કરવામાં આવશે. આ તકે અમરેલી પાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનિષભાઈ, દંડક દિલાભાઈ વાળા, નરેશભાઈ મહેતા, પૂર્વ પ્રમુખ અને સદસ્ય કાળુભાઈ પાનસુરીયા, ચિરાગભાઈ ચાવડા, પિન્ટુભાઈ કુરૂંદલે, હરિભાઈ કાબરીયા, ચિરાગભાઈ ત્રિવેદી, હરેશભાઈ ચાવડા, દિપકભાઈ બાંભરોલીયા સહિત સોસાયટીઓના રહીશ ધ્વારા ઢોલ નગારા તથા ફુલહાર અને સાલથી સ્વાગત કરેલ.

ગંગાવિહારમાં નાથુભાઈ ધાંધલ, અરવિંદભાઈ ભુતૈયા, અરવિંદભાઈ શાસ્ત્રી તથા ત્યાંના રહીશો વૃંદાવનપાર્ક–૨ માં જીતુભાઈ જોટાસણા, ઉમેશભાઈ પંડયા, પવાર દાદા તથા બહેનો, ભકિતનગરમાં નીતીનભાઈ, રમેશભાઈ તથા સોસાયટીનાં ભાઈઓ તથા બહેનો, માધવનગરમાં શૈલેષભાઈ, અદ્વર્યુ દાદા, વિશાલભાઈ, મિલનભાઈ, રેખાબેન તથા બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો, આનંદ મહેતા, મહેશભાઈ જળુ, વિહિપના શહેર પ્રમુખ લીંબાણીભાઈ, શાંતાબા ટ્રસ્ટ તરફથી ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા સહિતના હાજર રહ્યા હતા.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૩૧ |
| ૩ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૯૫ |
| ૫ | તલ કાળા | – | ૩૧૦૧ |
| ૬ | જીરૂ | ૪૮૦૦ | ૫૫૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૫૧૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૬૭ |
| ૧૦ | બાજરો | ૩૮૦ | ૪૫૦ |
| ૧૧ | જુવાર | ૪૪૦ | ૮૬૧ |
| ૧૨ | મગ | ૧૫૦૦ | ૧૬૦૩ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | રાય/રાયડો | – | ૧૧૦૮ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | – |
| ૧૬ | સોયાબીન | ૮૧૮ | – |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી સહિત જિલ્લાભરની ગલીઓમાં

ચિતલની શેરીએ રમતા એક ૪ વર્ષના બાળકપર સાતથી આઠ જેટલાંાને હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરી દેતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના ચિતલ ગામે રહેતા મેહુલભાઈ મેસીયાના ૪ વર્ષના બાળક પોતાના ઘર પાસે શેરીમાં રમતો હતો. ત્યારે છેલ્લા કેટલાંક સમયથી હિંસક બનેલા સાતથી આઠ જેટલાં ાને હુમલો કરી બાળકને માથા અને છાતીના ભાગે પરાને બચકા ભરતા બાળક ગંભીર રીતે ઘાયલ થવા પામેલ હોય ઘવાયેલા બાળકને સારવાર માટે અત્રેના દવાખાને ખસેડાયેલ છે જયાં તબીબ દ્વારા બાળકને ૧૫ જેટલાં શરીરે ટાંકા લેવાં પડયા હતા.

અત્રે ઉલેખનીય છે કે, ચિતલ ગામે છેલ્લા એક માસમાં ાન દ્વારા હુમલાઓ કરવાના લગભગ ૧૫ જેટલાં બનાવો બન્યાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. શ્વાનના હુમલાના કારણે બાળકો સ્કૂલે જતાં આવતાં પણ ભય અનુભવે છે. શેરીમાં બાળક એકલું દેખાય એટલે તુરંત જ આ હિસંક બનેલા ાનો દ્વારા હુમલા કરવામાં આવતાં હોવાનું ચિતલના મૌલિક આસલીયાએ જણાવ્યું હતું.

આ હિંસક બનેલા ાનને હટાવવા માટે વહીવટી તંત્રને જાણ કરવા છતાં પણ કોઈ કાર્યવાહી થવા પામેલ ના હોય આ અંગે સ્થાનિક ધારાસભ્યને પણ રજુઆત કરવામાં આવી હોવાનું અંતમાં જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું IPS ઓફિસરના ભાઈએ

કરી સોશિયલ મીડિયામાં શેર કરી વાયરલ કરતા પોલીસ દોડતી થઈ હતી. બાઈકના થેલામાંથી દેશી દારુ કાઢવામાં આવ્યો હતો અને વીડિયો વાયરલ કરી પોલીસને જાણ કરાઈ હતી. આ અંગે મોડી રાતે લીલીયા પોલીસ દ્વારા એક પ્રેસનોટ જાહેર કરવામાં આવી છે

સમગ્ર ઘટના અંગે અમરેલી એસપી હિમકર સિંહએ આ ઘટનાની ગંભીરતા દાખવી લીલીયા પોલીસને સૂચના આપતા લીલીયા પી.એસ.આઈ. એસ.આર. ગોહિલ દ્વારા નાવલી બજારમાં શેરી માંથી દેશી દારૂ લીટર ૧૯ રૂ.૩૮૦ તથા હીરો હોન્ડા બાઈક નંબર GJ ૧૪ ૯૯૯૪ રૂ.૩૦,૦૦૦ મળી કુલ રૂ.૩૦,૩૮૦ના મુદામાલ સાથે ૧ ઈસમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હો નોંધી ધરપકડ કરવામાં આવી ૧ કિશોર કાયદાના ઘર્ષણમાં પણ આવ્યો હતો આરોપી મનુસખભાઈ ઉર્ફે ગટીયો કાળુભાઈ વાઘેલાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ક્રાકચ ગામના વિપુલ દુધાત જિલ્લા પંચાયત સદસ્ય અને ભાજપ નેતા છે. ગાંધીનગર આઈ.બી. એસપી IPS હરેશ દુધાતના તેઓ નાના ભાઈ છે. જેના કારણે ભાજપ વર્તુળ અને પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

વિપુલ દુધાત એ જણાવ્યું લીલીયામાં મને બાતમી મળી હતી. વારંવાર લોકોની ફરિયાદો પણ મળી હતી લીલીયાની અંદર ખૂબજ મોટા પાયે દેશી દારૂ તથા વિદેશી દારૂનું વેચાણ થતું જેના અનુસંધાને મેં નાવલીની પાછળની શેરીની અંદર રૂબરૂ જઈ દારૂ વેચનારાને પકડી પાડયા અને લીલીયા પોલીસને ટેલિફોનિક જાણ કરી હતી. મારી હાજરીમાં જ દેશી દારૂની કોથળીઓ અને ગાડી પોલીસને સોંપવામાં આવી હતી. જો કે સૌથી વધુ દુઃખદ બાબત એ છે થોડીક્ષણો બાદ લીલયા ક્રાકચ રોડ ઉપર એ ઈસમ જોવા મળ્યા હતા. તેને પોલીસે કઈ રીતે છોડી મુક્યા, દારૂ કેમ કબજો ન લીધો તે બાબતે શુ પગલાં ભરવમાં આવે છે અને અધિકારીઓની કામગીરી તેમજ સંડોવણીને લઈને પણ સવાલ ઉઠી રહ્યા છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨ | ચણા | ૧૧૪૦ | ૧૨૦૦ |
| ૩ | મગ | ૧૫૨૧ | ૧૫૪૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૧૫ |
| ૬ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૧૫ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |
| ૮ | જુવાર | ૭૦૦ | ૭૧૦ |
| ૯ | મકાઈ | ૪૪૫ | ૪૬૦ |
| ૧૦ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૧ | ધાણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |


## નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૧૪/૨૪** **તા.૩૧/૫/૨૦૨૪**

**વિવાદીઃ–** શ્રી વાઘેલા કેશવભાઈ ચોથાભાઈ,
રે.ખાનપર, તા.બાબરા, જિ.અમરેલી (મો.નં.૯૯૭૦૨ ૭૬૭૫૬)

**પ્રતિવિવાદીઃ–** જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ખાનપરા, તા.બાબરા, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા તાલુકાના મોજે.ખાનપર** ગામના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી **ગોપી કેશવભાઈ વાઘેલાનો જન્મ** તા.૧૪/૦૩/૨૦૧૮ રોજ મોજે. ખાનપર, તા.બાબરા, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય, જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪/૪/૨૪થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૬ | ૧૫૬૪ |
| ૨ | મગફળી | ૧૦૬૫ | ૧૧૪૫ |
| ૩ | તલ સફેદ | ૨૩૮૦ | ૨૪૧૦ |
| ૪ | જીરૂ | ૪૭૦૫ | ૫૪૫૫ |
| ૫ | ઘઉ | ૪૮૯ | ૫૨૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૧ |
| ૨ | જુવાર સફેદ | ૮૦૫ | ૮૫૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૧૨ | ૨૫૧૨ |
| ૪ | ઘઉં | ૫૧૫ | ૫૧૫ |
| ૫ | સોયાબીન | ૮૩૧ | ૮૩૧ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | જીરૂ | ૫૧૬૦ | ૫૧૬૦ |
| ૮ | મેથી | ૧૧૫૧ | ૧૧૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૩૦ | ૧૦૭૫ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૮૬ |
| ૩ | કપાસ | ૧૨૫૦ | ૧૫૫૦ |
| ૪ | બાજરો | ૪૧૫ | ૪૪૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૧ |
| ૬ | જુવાર | ૫૬૧ | ૮૭૭ |
| ૭ | મકાઈ | ૪૮૧ | ૪૮૧ |
| ૮ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૯ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | ચણા | ૧૧૬૬ | ૧૨૦૦ |
| ૧૧ | જીરૂ | ૪૫૦૦ | ૫૩૫૧ |
| ૧૨ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૪૧ | ૮૪૧ |

## શહેરીજનોની સુવિધા માટે બનાવો નહી કે બ્લડપ્રેશર વધારવા માટે

# અમરેલી શહેરમાં સ્પીડ બ્રેકર બને છે કે હાર્ટ બ્રેકર તે સમજાતુ નથી

**શહેરમાં ઠેકઠેકાણે પ્લાસ્ટીકનાં સ્પીડ બ્રેકર લગાવવાનું કોણે શરૂ કરાવ્યું તે સમજાતું નથી**

**ચિતલ રોડ ઉપર આવેલ ઓમનગરનાં માર્ગે બનેલ બંને સ્પીડબ્રેકરનું સ્થાન અને ડીઝાઈન બદલવી જરૂરી**

**ગાંધીબાગ, અતિથિગૃહ સહિતનાં માર્ગ ઉપર માર્ગ-મકાન વિભાગે પણ સ્પીડ બ્રેકર બનાવવામાં બુદ્ધિનું પ્રદર્શન કર્યુ**

**શહેરમાં જયાં પણ સ્પીડ બ્રેકર હોય તે દુર કરીને નિયમ પ્રમાણેનાં બનાવવા જરૂરી**






અમરેલી, તા.૪

અમરેલી શહેરમાં અંદાજિત ૨૦૦ ઉપરાંતનાં સ્પીડ બ્રેકર પાલિકા અને માર્ગ-માકાન વિભાગ દ્વારા બનાવાયા તેમાંથી લગભગ તમામ સ્પીડ બ્રેકર નિયમ પ્રમાણે બનાવાને બદલે મનફાવે તે રીતે બનાવાતાં શહેરીજનોને સ્પીડ બ્રેકર પરથી વાહન લઈને પસાર થવું એટલે ધોળે દિ'એ તારા દેખાઈ જાય છે.

તાજેતરમાં પાલિકા દ્વારા ઓમનગર માર્ગ ઉપર છાતીનાં ધબકારા વધારે તેવાં મહાકાય બે સ્પીડ બ્રેકર બનાવાયા તો ઠેકઠેકાણે પ્લાસ્ટીકનાં સ્પીડ બ્રેકર ઉભા કરવામાં આવતાં શહેરનાં વાહન ચાલકો તોબા પોકારી ચુકયા છે.

તદ્ઉપરાંત માર્ગ-મકાન વિભાગ હસ્તકનાં એક તો માર્ગ હાર્ટ બ્રેકર જોવા હોય તેમાં મનફાવે ત્યાં નિયમ વિરૂધ્ધનાં સ્પીડ બ્રેકર લગાવવામાં આવતાં નાના-મોટા વાહન ચાલકો ત્રાહીમામ પોકારી ચુકયા છે.

શહેરના ગાંધીબાગ અને અતિથિગૃહ સામે માર્ગ-મકાન વિભાગે નિયમ વિરૂધ્ધનાં સ્પીડ બ્રેકર બનાવીને શહેરનાં વાહન ચાલકોની પરેશાની વધારી દીધી છે.

શહેરમાં જયાં પણ સ્પીડ બ્રેકરની જરૂર હોય ત્યાં બનાવો પણ તે હાર્ટ બ્રેકર ન બને તેવાં નિયમ મુજબનાં બનાવવા જોઈએ તેવી માંગ શહેરનાં વાહન ચાલકો કરી રહયા છે.

## વર્ષાઋતુની ઋતુચર્યા



ચોમાસામાં રોગનો ભોગ ન થવા માટે કાળજી લેવી જરૂરી છે. આધ્યાત્મ જગતમાં બારમાંથી ચાર જાય તો જવાબ શૂન્ય આવે છે કારણ કે ચોમાસાની ચાર મહિના વિશેષ આરાધનાની ઋતુ છે. તેમ આયુર્વેદમાં પણ ચોમાસાના ચાર મહિનાને રોગ ઋતુ કહેવામાં આવી છે. જો ઋતુચાર્યા બરાબર પાળવામાં આવે તો ચોમાસામાં રોગથી બચી શકાય છે એટલે જ કહેવાયુ છે કે શતમ જીવેત શરદઃ અર્થાત તુ ૧૦૦ શરદ ઋતુ જીવતા આવડી જાય તો બાકીના ૧૦ મહિના કોઈ શારિરીક તકલીફ પડતી નથી.

ઋતુ ત્રણ નથી પણ છ છે. હેમંત, શીશીર, ગ્રીષ્મ, વસંત, વર્ષા અને શરદ, મિથુન રાશિમાં સૂર્યનો પ્રવેશ થતા મૃગશીર્ષ નક્ષત્રના ઠંડા પવનના વાયરઓ શરૂ થઈ જાય છે એટલે હવા સો કવા (રોગ) અને બફ્ફ સો નફ્ફ એટલે જેટલો પરસેવો વળે તેટલા દોષો શરીરમાંથી બહાર નીકળી જાય છે. અને રોગ કાબુમાં રહે છે. આ ઋતુમાં ત્રણેય દોષો કોપે છે. જો માનવી જાગૃત ન રહે તો ૮૦ પ્રકારના વાયુઓના રોગમાંથી નબળા-દુધળા અને વૃધ્ધ માણસો તો તુરંત રોગનો ભોગ બને છે. એટલે ઠંડા પવનમાં સુસવાટા આવતા હોય એવી જગ્યામાં રહેવુ નહી અને જવુ પણ નહી. ભોજન હંમેશા ગરમ જ ખાવુ તેમ જ ઘી- તેલવાળા સ્નિગધ× પદાર્થોનુ જ સેવન કરવુ. વરસાદ, ભેજ, વાદળાને કારણે સૂર્યની શકિત પૂરેપૂરી પ્રાપ્ત થતી ન હોવાથી ઉર્જા, ઉષ્મા, અગ્નિતત્વ ઓછુ મળે છે. તેથી આખા વર્ષમાં મંદાગ્નિ આ ઋતુમાં થાય છે. ભૂખ લાગતી નથી એટલે કે સૂંઠ, મરી, લીંડીપીપર, તજ, તમાલપત્ર જેવા જઠારાગ્નીને પ્રબળ કરે તેવા દીપન પાચનના પદાર્થો વધારે લેવા જોઈએ. દીપન-પાચનની બધી દવાઓ સામાન્ય રીતે જમ્યા પછી લેવાથી વધારે સારૂ કાર્ય કરે છે. આ સિવાયની આયુર્વેદિક બધી દવાઓ ભુખ્યા પેટે લેવાથી ફાયદો કરે છે. પાચનશકિત મંદ થવાથી દીપન અને પાચનનુ કામ કરતા ખાટા રસનુ સેવન ભરપેટ કરવુ જોઈએ. લીંબુનો રસ, ગાયના દુધની છાશ, ગાય કે બકરીના દુધનુ દહી, કોકમ, બીજોરૂ વગેરે પદાર્થૌનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ. ખાટો રસ ઝલ્દીથી પચી જાય છે અને ગળ્યો રસે ધીમે પચે છે જેથી વાયુ કરે પાણી બારે માસ વસ્ત્રથી ગાળીને ગરમ કરેલુ ઠારેલુ જ વાપરવુ. આ ઋતુમાં તો ઠંડુ પાણી ન પીવુ જોઈએ કેમ કે ભેજ અને વરસાદને કારણે તેમા સુક્ષ્મ જંતુઓ પેદા થઈ જતા હોય છે એટલે ઉકાળેલુ પાણી ગાળીને પીવુ. વરસાદને કારણે જમીનમાં કચરો ભેગો થવાથી સડીને અનેક પ્રકારના કીટાણુઓ પેદા થાય છે. તેથી ઉઘાડે પગે ચાલવુ નહી. જૈનુ મુનીઓ તેથી જ ચાર મહિના એક જ જગ્યાએ વર્ષાવાસ કરતા હોય છે. આ ઋતુમાં છાણ, દેશી ઘી, કોલસા, કપૂર વગેરે વસ્તુઓનો ઉપયોગ કરી સવાર-સાંજ ધૂપ કરવો ખૂબ જ હિતકારી છે. ધૂપની વાતાવરણની શુધ્ધિ થાય છે. પૂર્વદિશાથી શરૂ કરીને બધી દિશામા ફેરવીને પછી છેલ્લે ઈશાન ખૂણામાં ધૂપને ઢંકવો-રાખવો. ચોમાસામાં ટાઈફોડ, પ્લેગ, વિષમ જવર, કોલેરા, શરદી, ન્યૂમોનિયા વગેરેના ચોમાસામાં શકય હોય ત્યાં સુધી મુસાફરી નન કરવી, પ્રવાસ-પર્યટનો ન આયોજવા. તેમ જ પલળવુ જ નહી. કપડા ભીંજાયા હોય તો તરત બદલી કરી નાંખવા અને કપડા ભેજવાળા રહે તો તાવ આવવાની શકયતા રહેતી હોય છે. વર્ષા ઋતુમાં ઉપવાસ, એકાસણા વધારે કરવા. આમ પણ દરેક ધર્મોમાં આ ઋતુમાં દિવસે સુવુ નહિ કારણ કે દિવસે સુવાથી ત્રિદોષ અને આળસ વૃધ્ધિ થતી હોય છે.

આયુર્વેદમાં કહેવાયુ છે કે જમ્યા પછી જે સૂઈ જાય છે. તેનુ શરીર ભૂંડની જેમ વધે છે. મંદાગ્નિ અને વાયુના વિશેષ પ્રકોપને કારણે શરીર ગારા જેવુ, લોચાયુકત બની જાય છે.

તેથી બપોરે જમ્યા પછી ઉઘ જો આવતી હોય તો બેઠા બેઠા ઉઘ લઈ લેવી. બે ભીંતના ખૂણા વચ્ચે બેસીને ઉઘ લેવાથી આમાશય, ફેંફસા, ગળુ અને હાંસડીના ઉપરના ભાગના અંગોમાં કફ સ્થિર થઈને પડયો રહેતો નથી. આમાશયના નીચેના અંગોમાં હોવાથી જાગ્યા પછી નિંદ્રા, આળસ અને ઘેન રહેતુ નથી. તેથી બપોરનુ ભોજન પણ હોંશ અને જાગૃતિ રહે તેવુ ગોઠવવુ. ભારે અને લુખ્ખા (ઘી-તેલ વગરનું) ખોરાક ખાવાને બદલે લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ અને તીક્ષ્ણ આહાર ગોઠવવા. આ ઋતુમાં સૂર્યોદય પહેલા દોઢેક કલાકે ઉઠી જવુ. મોડા સુધી સુવીન ટેવ તો ડાયાબિટિસ, શરદી, એલર્જી, કફ, શ્વાસ, દમ, હદય-ફેપસા, ગળા, નાક, કાન અને સ્મૃતિના રોગો પણ ઘર જમાવશે. હાર્ટની નળીઓ બ્લોક થવાના, સ્મૃતિભ્રંશ, કફ, શીરોરોગ વગેરે મોડા ઉઠવાની અસહ્ય બને છે. કસરત, તડકો અને સ્મૃતિના મૈથુન વાયુને કોપાવતા હોવાથી વર્જય છે.

જુના જવ, જુના ઘઉ અને રાતા ચોખા, ઘી-તેલથી વધારેલા વાપરી શકાય. ઘી-તેલથી સંસ્કારિત મગનુ ઓસામણ પથ્ય છે. સ્નેહયુકત ઔષધિના ચૂર્ણથી શરીર ચોળવુ હિતકારી છે. શરીરે પીઠી ચોળ્યા પછી સ્નાન કરવુ, ચંદનના લેપો તથા ફૂલોની કાળા ધારણ કરવાથી વર્ષા ઋતુમાં રોગથી બચી શકાય છે. **-લેખક. અતુલકુમાર વ્રજલાલ શાહ**

## માંસાહાર એટલે સર્વનાશાહાર



અમરેલી, તા.૪

માસાંહારનો ત્યાગ કરવું ખુબ જરૂરી છે. પુથ્વી પર વસતા કોઈપણ જીવને મરવું ગમતું નથી. પશુ-પક્ષીઓનાં મટન માટે એટલે કે નોનવેજ માટે તેમને, તેમના મૂક પણ અત્યંત પીડાદાયક વિરોધ વચ્ચે મારવા પડે છે. એટલે કે ''મીટ ઈઝ મર્ડર'' પૃથ્વીનાં તમામ શકિતશાળી અને બુધ્ધિશાળી પ્રાણીઓ (જેવા કે, હાથી, હીપોપોટેમસ ગેંડો, ઘોડો, જીરાફ, ગાય વગેરે) વેજીટેરીયન છે જેથી કહી શકાય કે માંસાહારથી પોષણ અને તાકાત મળે તે વાત સાવ ખોટી છે. સમગ્ર વિશ્વનાં લોકો અત્યારે ભારતીય સંસ્કૃતિની ગરીમા સ્વરૂપ કહી શકાય તેવી પરંપરા શાકાહાર અને યોગ તરફ વળી રહ્યાં છે ત્યારે કમનસીબે આપણા યુવાનો પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી પતનના માર્ગે જઈ કરોડો અબોલ જીવોની ક્રૂર હત્યામાં નિમિત બની રહ્યાં છે, નોનવેજ ખાઈ રહ્યાં છે તે આપણી કમનસીબીની પરાકાષ્ટા છે. અત્યારનું વિજ્ઞાન પણ પુરવાર કરી ચૂકયું છે કે માંસાહાર અનેક રોગોનું જનક છે. તેનાથી શરીરને પારાવાર નુકસાન થાય છે જયારે શાકાહારથી સંપૂર્ણ નીરોગી અને લાંબું આયુષ્ય પ્રાપ્ત થઈ શકે છે. ''જેવું અન્ન તેવું મન''નું સુત્ર સુચવે છે કે ''જેવો આહાર તેવો વ્યવહાર'' માંસાહારનું પ્રમાણ જેટલું વધે એટલા પ્રમાણમાં ઈકો સીસ્ટમ ખોરવાઈ અને પરિણામ સ્વરૂપે અધોગતી, કુદરતી આફતો, ભૂકંપ-પુર-કોરોના જેવી બીમારીઓ કે વિનાશ સર્જાતાં હોવાની નકકર હકીકતો જાણવી અને જણાવવી તે દરેક જાગૃત માનવની જવાબદારી છે. પોતાની ખાતર નહિ તો છેવટે ભાવી પેઢીના કલ્યાણ ખાતર આ ફરજ બજાવવી અનિવાર્ય છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### રાજકોટ અગ્નિકાંડનો મામલો

## સ્કૂલો બંધ કરવી એ ઉપાય નથી નિયમો પાળે તેવું કરો : હાઈકોર્ટ

**TRP ગેમ ઝોનને અગાઉ ડિમોલિશન નોટિસ અપાઈ હતી**

અમદાવાદ, તા.૪

TRP ગેમ ઝોનમાં આગ લાગવા મામલે આજે હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સત્ય શોધક કમિટી દ્વારા સીલ બંધ કવરમાં હાઈકોર્ટ સમક્ષ રિપોર્ટ મૂકવામાં આવ્યો હતો. આ રિપોર્ટ જોઈને કોર્ટ ઓર્ડર કરશે. જ્યારે શાળાઓની તપાસ અને મહાનગર પાલિકાઓની કામગીરી તેમજ દુર્ઘટનાઓમાં લેવાયેલા પગલાં અંગેનો રિપોર્ટ ૨૪ જુલાઈએ કોર્ટ સમક્ષ મુકાશે. આ મામલે હવે ૨૫ જુલાઈના રોજ વધુ સુનાવણી કરવામાં આવશે. બીજી તરફ ગેમિંગ ઝોન અને આનંદ મેળાના અરજદારોને પક્ષકાર બનાવવા કોર્ટે મનાઈ કરી દીધી છે. સુનાવણીમાં સરકારે રજૂઆત કરી કે, TRP ગેમ ઝોનને અગાઉ ડિમોલિશન નોટિસ આપવામાં આવી હતી. સરકારની આ રજૂઆત અંગે કોર્ટે કહ્યું કે ઓફિસરોને તેની ખબર હતી. કોર્ટે કહ્યું કે, ચેક એન્ડ બેલેન્સની સિસ્ટમ હોવી જોઈએ. કેટલાક લોકો સામે પગલાં ના લઈને શાંતિ નહીં રાખવાની, સતત કામ ચાલુ રાખવાનું. ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાના રોલ પર કોર્ટમાં ચર્ચા થઈ હતી. જેમાં કોર્ટે કહ્યું કે, સંસ્થાના હેડ એટલે કે મનપા કમિશનરની પણ જવાબદારી બને. આવા ઓફિસરોના આધારે સિસ્ટમ ચાલી શકે નહીં. હાઈકોર્ટમાં PIL કરનાર અમિત પંચાલે કહ્યું કે, મનપા કમિશનરને રાજ્ય સરકાર બેદરકારી કે અક્ષમતા બદલ દૂર કરી શકે છે. મનપા કમિશનર તેની ફરજો સિવાય અન્ય કોઈ કામ કરી શકે નહીં. બીજી તરફ ફાયર એનઓસી વિનાની સ્કૂલોને આડેધડ સીલ મારવાનો મુદ્દો પણ કોર્ટમાં રજૂ થયો હતો. ત્યારે કોર્ટે કહ્યું હતું કે, સ્કૂલો બંધ કરવી ઉપાય નથી, તેમને નિયમો પાળતા કરો. અમિત પંચાલે કહ્યું કે, દરેક મનપા પાસે તેની અલગ ફાયર સેફ્ટી હોય છે, રાજ્યની સ્ટેટ ફાયર સર્વિસ તેનાથી અલગ છે. ફાયર વિભાગના સ્ટ્રકચર વિશે થયેલી ચર્ચામાં કોર્ટે પૂછ્યું કે, રાજયમાં ફાયર બ્રિગેડના કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં છે? તેમનું ક્વોલિફિકેશન શું છે?

## ભારતીય ટીમે ફ્લાઈટમાં વર્લ્ડ કપ ટ્રોફી સાથે બાળકો જેવી મસ્તી કરી

નવી દિલ્હી, તા.૪

ટીમ ઈન્ડિયા બાર્બાડોસથી ભારત પરત ફરી છે. ૨૯ જૂને મેન્સ T20 વર્લ્ડ કપ જીતનારી વિજેતા ટીમ ગુરુવારે સવારે નવી દિલ્હીના IGI એરપોર્ટ પર પહોંચી હતી. રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમે શનિવારે કેન્સિંગ્ટન ઓવલ ખાતે રમાયેલી રોમાંચક ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને ૭ રનથી હરાવીને બીજી વખત T20 વર્લ્ડ કપ જીત્યો હતો. પરંતુ હરિકેન બેરીલને કારણે તેમના ઘરે પરત ફરવામાં વિલંબ થયો હતો. બીસીસીઆઈએ ટીમ માટે ખાસ ચાર્ટર્ડ એર ઈન્ડિયા ફલાઈટની વ્યવસ્થા કરી હતી. નેવાર્ક, ન્યુ જર્સીની બોઈંગ ૭૭૭ ફલાઈટ બુધવારે વહેલી સવારે બ્રિજટાઉનમાં ગ્રાન્ટલી એડમ્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવી હતી. ત્યારબાદ બીજી ખાસ ફલાઈટ સ્થાનિક સમય મુજબ સવારે ૪:૫૦ વાગ્યે બ્રિજટાઉનથી રવાના થઈ, જેમાં ભારતીય ટીમના સપોર્ટ સ્ટાફ, ખેલાડીઓના પરિવારજનો, બીસીસીઆઈના અધિકારીઓ અને ૨૨ પ્રવાસી મીડિયા પર્સન્સ હતા. આમ જોવા જઈએ તો BCCIએ સૌથી લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં ભારતીય ખેલાડીઓ ફલાઈટમાં T20 વર્લ્ડ કપની ટ્રોફી સાથે મસ્તી કરતા જોવા મળ્યા હતા. રોહિત શર્મા, વિરાટ કોહલી, મોહમ્મદ સિરાજ, રિષભ પંત, સૂર્યકુમાર યાદવ અને તેની પત્ની, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ સહિતના ખેલાડીઓ ટ્રોફી સાથે મસ્તી કરતા જોવા મળ્યા હતા. આ વીડિયોમાં ખેલાડીઓ ટ્રોફી સાથે ફોટોગ્રાફી કરી રહ્યા છે અને ખૂબ જ મજા કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લાની એક માત્ર બહેરા મુંગા શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો







અમરેલી જિલ્લાના શ્રવણમંદ દિવ્યંગોની એકમાત્ર શાળા શ્રીમતી તાપીબેન મોહનલાલ રૂગનાથ મહેતા બહેરા મૂંગા શાળામાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી રવિ ખેર સાહેબના ઉપસ્થિતિમાં નવાભૂલકાઓનો પ્રવેશ કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવી ઉજવવામાં આવ્યો. નવા પ્રવેશ પામેલા બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ દ્વારા આવકારવામાં આવેલ. આ ઉપરાંત આ પ્રવેશોત્સવ ને વિશેષ સ્મૃતિમય બનાવતા જિલ્લા ખાણ ખનિજ અધિકારી ભાવેશભાઈ સાધુસાહેબ સહપરિવાર ઉપસ્થિત રહેલ. આજના દિવસને ઉત્સવમય બનાવતા સાધુ સાહેબે સંસ્થાના તમામ બાળકોને શૈક્ષણિક કીટ પોતાના તરફથી સપ્રેમ અર્પણ કરેલ.




## વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિની અત્યંત જરૂર હોવાથી

# ભૈ વાહ : અમરેલી જિલ્લાનાં હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ શરૂ કરી

**જિલ્લાનાં ૩૧૯૮૧ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવીને પ્રેરણાદાયી કાર્ય કર્યુ**

**જિલ્લામાં ૩૪,૮૯૫ એકરમાં પ્રાકૃતિક કૃષિનો પ્રારંભ કરતાં ખેડૂતો**

**મગફળી, સોયાબીન, તલ વિગેરે પાકો ઉપરાંત શાકભાજી અને બાગાયતી પાકોની થતી ખેતી**

**જિલ્લાનાં અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વળવા અનુરોધ**



અમરેલી, તા. ૪

અમરેલીજિલ્લાનાખેડૂતોએ પ્રાકૃતિક કૃષિમાં કાઠું કાઢયુંછે, જિલ્લામાં ૩૧,૯૮૧ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂકયા છે અને ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે. ખેડૂતો કુરિયર સેવા દ્વારા પણ પ્રાકૃતિક ખેત પેદાશોનેગ્રાહકોસુધીપહોંચાડીરહ્યાછે. આ સંદર્ભે અમરેલી જિલ્લાના આત્મા પ્રોજેકટ ડાયરેકટર ડી.એમ. નિનામાજણાવેછે કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની મુહિમ ખૂબ તેજીથી આગળ વધી રહી છે, જિલ્લામાં અંદાજે ૩૪,૮૯૫એકરમાંપ્રાકૃતિકકૃષિથઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ખેતીનાં કાર્યમાં દીપડાની પરેશાની

# ચલાલામાં ભયજનક દીપડાને ગન વડે રેસ્કયુ કરી પાંજરે પુરતું વનતંત્ર

**આંબરડી સફારી પાર્ક ખાતે રહેલ દીપડાનું મેડીકલ પરીક્ષણ બાદ જંગલમાં છોડી દેવાશે**



ધારી, તા. ૪

ધારી ગીર વનવિભાગની સરસીયા રેન્જ હેઠળના ચલાલા ગામ ખાતે ઈંટોના ભઠામાં છુપાયેલ દિપડાને ટ્રાકયુલાઈઝર ગન વડે બેભાન કરી પાંજરે પુરવામાં આવ્યો હતો. જેના મેડીકલ પરીક્ષણ બાદ જંગલમાં મુકત કરવામાં આવશે.

**અનુસંધાન પાના ૬ ઉપર**

## સમગ્ર પંથકમાં પવનચક્કીનું જંગલ ઉભુ કરી દેવાયું

# બાબરાનાં ખાખરિયા ગામે સીમ વિસ્તારમાં ઉભી કરવામાં આવેલ પવનચક્કી થઈ જમીનદોસ્ત

**પવનચક્કીની કંપનીને લાખો રૂપિયાનાં નુકસાનની આંશકા**

બાબરા, તા. ૪

બાબરનાં ખાખરિયા ગામે બન્યો બનાવ. જયારે બે થી ત્રણ મહિના પહેલા અયાના કંપીન દ્વારા પવનચક્કી ઉભી કરવામાં આવી હતી. ત્યારે વહેલી સવારે પવનચક્કીનું ટ્રાયલો હોય અને ટ્રાયલ કરવા જતા બન્યો હતો બનાવ. જેમાં સુત્રોનાં જણાવ્યા મુજબ ભારે પવનની ઝપટ આવતા બનવા બન્યો હોવાની ચર્ચા થઈ રહી છે. ત્યારે આખી પવનચક્કી વચ્ચેથી બટકી જતા કંપનીએ કરોડો રૂપિયાની નુકશાનની થઈ હતી. પવનચક્કી જમીનદોષ થતા મોટી જાનહાનિ ટળી મજુર સહિત આજુબાજુ ખેતરો ધરાવતા ખેડૂતોનો થયો હતો. જેમાં મજુરોનો ચમત્કારિક

**અનુસંધાન પાના ૬ ઉપર**




તસ્વીર : પંકજ ઈન્ડોડીયા–બાબરા

## ભાજપ કિસાન મોરચાનાં અગ્રણી હિરેન હિરપરાની માંગ

# ધારી : આજુબાજુનાં ગામો, ધાર્મિક અને ટુરિઝમનાં વિકાસ માટે અર્બન ઓથોરીટી એરિયા જાહેર કરો

**રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવવામાં આવ્યો**





અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાની ધારી ગ્રામ પંચાયતએમોટીગ્રામ પંચાયતછે. તેમજધારીશહેરનાંઆજુબાજુનાંગામો પણધારીગામનેઅડીનેઆવેલાગામો છે. ધારી શહેર અને આજુબાજુના ગામોનાં સર્વાંગી વિકાસ તેમજ આજુબાજુની ધાર્મિક જગ્યા ગળધરા ખોડિયાર મંદિર અને આંબરડી સફારી પાર્કને સાથે લઈને ધારીને એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરીઝમ સાથે અર્બન ઓથોરીટી તરીકે જાહેર કરવા માટે અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ અને ગુજરાત ભાજપનાં કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાએ ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી છે.

અર્બન ઓથોરીટી એરિયા જાહેર થવાથી તમામ પંચાયતોના વિકાસને વેગ મળશે, વિકાસનાં કામો માટે નવી ગ્રાન્ટો–ફંડ સરકાર ફાળવશે ઉપરાંત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પર્યટનને પ્રોત્સાહન પર્યાવરણ સંરક્ષણ, નાગરિક સુવિધાઓમાં પણ વધારો થઈ શકે.

આંબરડી લાયન સફારી પાર્કની સાથે સાથે ખાંભા, મિતિયાળા અભયારણ્યમાં માનવભક્ષી દીપડાને પાંજરે રાખીને ટુરિસ્ટ પાર્ક બનાવવા પણ માંગણી કરી છે. ખાંભાને ટુરિઝમ હેઠળ આવરી લેવામાં આવે તો વિકાસ શકય બને. ટુરિઝમ પોલિસી હેઠળ ઈકો અને એગ્રી ટુરિઝમને પ્રોત્સાહન આપવા ગુજરાત ભાજપ કિસાન મોરચાનાં મહામંત્રી હિરેન હિરપરાએ રજૂઆત કરી છે.




## અમરેલીમાં દારૂબંધીના ઉડ્યા લીરેલીરા

# IPS ઓફિસરના ભાઈએ જ જનતા રેડ કરી દારૂ સાથે બે લોકોને ઝડપ્યા

**છાશવારે પોલીસના નાક નીચેથી દારૂની રેલમછેલના અનેક દશ્યો હવે દારૂબંધીના ગુજરાત માટે નવાઇ નથી**

અમરેલી, તા. ૪

રાજ્યમાં કહેવા માટે તો કાગળ પર દારૂબંધી છે છતા રોજ અહીં કરોડોનો દારુ ઠલવાય છે, પીવાય છે અને વેચાય છે. છાશવારે પોલીસના નાક નીચેથી દારૂની રેલમછેલના અનેક દશ્યો હવે દારૂબંધીના ગુજરાત માટે નવા નથી.

અમરેલી જિલ્લામાંથી વધુ એક દારૂબંધીના ધજાગરા ઉડાડતા દશ્યો સામે આવ્યા છે. જેમા ખુદ IPS ઓફિસરના ભાઈ અને અમરેલી જિલ્લા પંચાયતના ભાજપના સદસ્ય વિપુલ દૂધાતે બે શખ્સોને દેશીદારૂની પોટલીઓ સાથે ઝડપી પોલીસને હવાલે કર્યા છે. સમગ્ર ઘટના એવી છે કે લિલિયામાં બે બાઈકચાલકને દેશી દારુ સાથે ભાજપના નેતા વિપુલ દૂધાતે ઝડપી લીધા હતા. બંને પાસેથી દેશી દારૂની પોટલીઓ મળતા વીડિયો શુટ



**અનુસંધાન પાના ૬ ઉપર**

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)